સુવિચાર

સમસ્યાથી ગભરાવું નહીં પરંતુ એમાંથી મુક્ત થવાનો માર્ગ શોધવો એ બુદ્ધિમતાનું લક્ષણ છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૦૬/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ જેઠ વદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૧૫૪

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

NCT
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ ગોળ દવાખાના કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી.

અમરેલીની જનતાના હિતમાં નિર્ણય લઈ ગોળ હોસ્પિટલ દ્વારા ‘‘આયુષ્યમાન કાર્ડ’’ અંતર્ગત તદ્દન મફતમાં સર્જરી વિભાગ ચાલુ કરે છે

અમરેલીના પ્રખ્યાત સર્જન દ્વારા ઓપરેશન કરવામાં આવશે

ડૉ. પ્રદિપ ધડુક
M.S.જનરલ સર્જન

ડૉ. કાજલ બગડા
M.S.Ayu.(હરસ-મસા-ભગંદરનાં નિષ્ણાંત)

- હરસ-મસા-ભગંદર અને ફીસરનાં ઓપરેશન.
- મળમાર્ગને લગતા રોગોની સારવાર ઉપલબ્ધ.
- હર્નિયા (સારણગાંઠ), સુન્નતના ઓપરેશન.
- દુરબીન દ્વારા એપેન્ડિક્ષ તથા પિતાશયની કોથળીનું ઓપરેશન
- સ્તનની સાદી ગાંઠ, રસોળી, ચરબીની ગાંઠના ઓપરેશન.
- હાઈડ્રોસીલ (વધરાવળ)નું ઓપરેશન.

: નોંધ :
બાજુમાં દર્શાવેલ ઓપરેશન (સર્જરી) આયુષ્યમાન કાર્ડમાં તદ્દન ફ્રી માં કરી આપવામાં આવશે

સંભવિત બિપરજોય વાવાઝોડાની પૂર્વ તૈયારીનાં ભાગરૂપે તંત્ર એલર્ટ

અમરેલી જિલ્લાની શાળાઓમાં આજે અને આવતીકાલે રજા

જિલ્લામાં આજથી ૨ દિવસ સુધી ૫૦થી ૬૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાવાની શકયતા

દરિયાકાંઠે આવેલ વીક્ટર અને જાફરાબાદ બંદર પર ૦૩ નંબરનું સિગ્નલ લગાવાયું

રાજુલા–જાફરાબાદ પંથકનાં ૨૯ ગામોમાં જરૂરિયાત મુજબ નાગરિકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાયું

જિલ્લાનાં નાગરિકોને ન ગભરાવા અને અફવાથી દૂર રહેવા કલેકટરનો અનુરોધ

અમરેલી, તા.૧૩

સંભવિત બિપરજોય વાવાઝોડાની પૂર્વ તૈયારીના ભાગરૂપે અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર સાબદું કરી દેવામાં આવ્યું છે. જિલ્લા કલેકટર અજય દહિયાના નેતૃત્વમાં વિવિધ વિભાગોને અગમચેતીના ભાગરૂપે કામગીરી સોંપી દેવામાં આવી છે. જિલ્લા કલેકટર દ્વારા અમરેલીના નાગરિકો જોગ ખાસ સંદેશો પાઠવવામાં આવ્યો છે. જિલ્લા કલેકટર અજય દહિયાએ જણાવ્યુ છે કે, હવામાન વિભાગની આગાહી મુજબ આગામી તા. ૧૪ અને તા. ૧૫ જુન દરમિયાન સંભવિત બિપરજોય વાવાઝોડાની અસરના લીધે જિલ્લામાં આશરે ૫૦–૬૦ કિલો મીટરની ઝડપે પવન ફૂંકાવાની શકયતા છે. આ સ્થિતિને જોતા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તકેદારીના ભાગરૂપે વિવિધ

અનુસંધાન પાના ૬ ઉપર

રોકડીયાપરા વિસ્તારની ઘટના

અમરેલીમાં અગમ્ય કારણોસર યુવકે ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

સીટી પોલીસે નિયમાનુસાર કાર્યવાહી કરી

અમરેલી, તા. ૧૩, અમરેલીનાં રોકડીયાપરા વિસ્તારમાં આવેલ બાલમંદિર પાસે રહેતા ભુપતભાઈ ભનુભાઈ દેગામા નામનાં ૩૮ વર્ષિય યુવકે તા. ૧૨ નાં રોજ બપોરનાં ત્રણેક વાગ્યાનાં સુમારે કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતા તેમનું મોત નિપજયાનું અમરેલી સીટી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

અમરેલી નજીક આવેલ

મોટા માંડવડા ગામે ઘરમાં કામ કરતાં મહિલાનું ઈલેકટ્રીક શોક લાગતા મોત

અર્થિંગનાં કારણે ઈલેકટ્રીક શોક લાગ્યાનું તારણ

અમરેલી, તા. ૧૩

અમરેલી તાલુકાનાં મોટા માંડવડા ગામે રહેતા મંજુબેન નાથાભાઈ મહિડા નામનાં ૪૪ વર્ષિય મહિલા તા. ૧૨ નાં રોજ સાંજના ૪

અનુસંધાન પાના ૬ ઉપર

પોલીસ અધિક્ષક અને નાયબ પોલીસ અધિક્ષકની સુંદર કામગીરી

અમરેલી જિલ્લાનાં દરિયાકાંઠે આવેલ શિયાળ બેટમાં જીવનજરૂરી ચીજવસ્તુઓ પહોંચાડાઈ

‘‘બિપરજોય’’ વાવાઝોડાને લઈને પોલીસ તંત્ર એલર્ટ બન્યું

અમરેલી, તા. ૧૩

હાલમાં સમગ્ર ગુજરાત ઉપર બિપરજોય વાવાઝોડાનો ખતરો ઉભો થયો છે. પ્રશાસન અને પોલીસે તમામ તકેદારી તથા દરિયાકાંઠાનાં લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી કરી રહ્યા છે. ત્યારે અમરેલી જિલ્લા પોલીસ પરિવાર ધ્વારા કાયદો અને વ્યવસ્થાની જવાબદારી સાથે લોકોને જીવન જરૂરિયાતની વસ્તુઓ પણ મળી રહે તેવું માનવતાવાદી અને પ્રશંસનીય કાર્ય કરી રહ્યું છે.

અમરેલી જિલ્લાનાં છેવાડાનું ગામ જાફરાબાદ તાલુકાનાં શિયાળબેટ ગામ એટલે ટાપુ છે. ત્યારે આ શિયાળબેટ ગામનાં લોકોને પુરતા પ્રમાણમાં દૂધ, શાકભાજી જેવી જીવન જરૂરીયાતની વસ્તુઓ પુરતા પ્રમાણમાં મળી રહે તે માટે થઈ જિલ્લા પોલીસ વડા હિમકરસિંહ તથા નાયબ પોલીસ અધિક્ષક હરેશ વોરા ધ્વારા શિયાળબેટ ખાતે હોડીમાં જીવન જરૂરીયાતની વસ્તુઓ પહોંચાડી પ્રશંસનીય કાર્ય કરતાં લોકોએ પોલીસ પરિવારની કામગીરીને આવકારી છે.

‘‘બિપર જોય’’ વાવાઝોડાનાં કારણે વાતાવરણમાં ફેરફાર

અમરેલીમાં વ્હેલી સવારે ભારે પવન સાથે દે ધનાધન વરસાદ : દિવસ દરમિયાન હળવા ઝાંપટા

જિલ્લામાં ગમે તે ઘડીએ ઘટાટોપ વાદળો, ભારે પવનનું આગમન થતું જોવા મળ્યું

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લામાં છેલ્લા ૨ દિવસથી ગમે તે સમયે ભારે પવન સાથે ઘટાટોપ વાદળોનું આગમન થાય અને થોડીવાર માટે ભારે વરસાદ પડવાની ઘટના બની રહી છે.

અમરેલીમાં આજે વ્હેલી સવારે થોડા–થોડા અંતરે ભારે પવન અને ઘટાટોપ વાદળો અચાનક ધસી આવ્યા બાદ ૧૫ થી ૨૦ મિનિટ ભારે વરસાદ પડયો હતો. બિપરજોય વાવાઝોડાના કારણે ગમે તે સમયે વાતાવરણ પલટાઈ રહયું છે.

જિલ્લામાં આજે અમરેલીમાં ૧૨ મીમી, ખાંભામાં ૪૩ મીમી, જાફરાબાદમાં ૬ મીમી, બગસરામાં ૩ મીમી, બાબરામાં ૭ મીમી, રાજુલામાં ૨૧ મીમી, લીલીયામાં ૧૨ મીમી, વડિયામાં ૩ મીમી અને સાવરકુંડલામાં ૪૧ મીમી વરસાદ નોંધાયો.

અમારા કહ્યામાં નથી

હું **જસમેલસિંઘ બલબિરસિંઘ વિરડી** અમરેલી આજથી તા. ૧૩/૦૬/૨૦૨૩ ના રોજ જાહેર કરૂ છું કે મારી દિકરી **રમનદિપ કોર વિરડી** જે અમારા મારા કે મારા કુટુંબ પરિવારના કંટ્રોલ બહાર છે. જે સ્વચ્છંદી છે જે તા. ૧૨/૦૬/૨૦૨૩ થી અમારા પરિવારને છોડીને ગયેલ છે તો અમારી કોઈપણ પ્રકારની સ્થાવર કે જંગી મિલ્કતમાં કે બેંકના કોઈપણ પ્રકારના માલ મિલ્કતમાં એમનો હકક, હિસ્સો રહેતો નથી તેમજ એમની સાથે કોઈપણ પ્રકારનો વહીવટ કે લગ્ન કોઈપણ કરશે અને કોઈપણ પ્રકારનો અણબનાવ બનશે કે કોઈ અઘટિત ઘટના બનશે તો અમારી કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહિ. તેમની સાથે કોઈ વ્યકિત કોઈ પણ પ્રકારનો વહિવટ કરશે તો વહિવટ કરનારની જવાબદારી રહેશે.

આજથી અમારી માલ/મિલ્કત/બેંક આધારમાં કોઈપણ જગ્યાએ એમનો હકક હિસ્સો રહેતો નથી જે અમો જાહેર પ્રસિધ્ધ કરીએ છીએ.

તા. ૧૩/૦૬/૨૦૨૩

લી.

જસમેલસિંઘ બલબિરસિંઘ વિરડી
બ્રાહ્મણ સોસાયટી, "રામનગર" શેરી નં. ૭, અમરેલી.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૬૦૨

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
જીવનમાં વિચારવા જેવું 'બરફ' અને 'તક' એક સમાન છે. જેમ બરફ સમય જતાં પીગળી જાય તેમ હાથમાં આવેલી તક પણ સમય જતાં જતી રહે છે.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮ સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.

જિલ્લા પંચાયતની કારોબારી સમિતિનાં ચેરમેન નીતિન રાઠોડની ઉપસ્થિતિમાં

બાબરા પંથકનાં ગામોની પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

ખંભાળા, સુખપર, શિરવાણીયા, જીવાપર, ઈશ્વરીયા સહિતનાં ગામોમાં અનેરો ઉત્સાહ

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૩

બાબરા તાલુકાના કરીયાણાં જિલ્લા પંચાયત બેઠકના સભ્ય અને કારોબારી સમિતીના ચેરમેન નીતિનભાઈ રાઠોડના નેતૃત્વમાં તા. ૧૨ અને ૧૩ જૂનના રોજ કરીયાણાં જિલ્લા પંચાયત બેઠક હેઠળ આવતા ખંભાળા, શિરવાણીયા, જીવાપર, ઈરિયા, સુખપર, કીડી, માધુપુર સહિતના ગામડાઓમાં હર્ષ અને ઉલ્લાસભેર શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અહીં તમામ ગામની પ્રાથમિક શાળાઓમાં ૧૭૬ જેટલા વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી ઢોલ–નગારા સાથે ધોરણ ૧માં શાળા પ્રવેશ કરાવ્યો હતો તેમજ સ્થાનિક આંગણવાડીના બાળકોને પણ સાથે સાથે પ્રવેશ કરાવ્યો હતો.

રાજય સરકાર દ્વારા તા. ૧૨ થી ૧૫ જૂન સુધી શાળા પ્રવેશોત્સવની જાહેરાત કરવામાં આવી હતી. સમગ્ર રાજયમાં રાજય સરકારના મંત્રીઓ તેમજ અધિકારીઓ અને પદાઅધિકારીઓ દ્વારા શાળા પ્રવેશોત્સવમાં જોડાયને બાળકોને શાળા પ્રવેશ કરાવી રહૃાા છે. ત્યારે જિલ્લા પંચાયતના કરિયાણાં બેઠકના સભ્ય અને કારોબારી સમિતિના ચેરમેન નીતિનભાઈ રાઠોડના નેતૃત્વમાં જિલ્લા પંચાયત કરીયાણાં બેઠક હેઠળ આવતા ગામડાઓમાં શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અહીં દરેક ગામમાં શાળા ખાતે ભવ્ય કાર્યક્રમો યોજાયા હતા જેમાં ધોરણ ૧માં શાળા પ્રવેશ કરતા વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક કરી ઢોલ–નગારા સાથે સ્વાગત કરી શાળામાં પ્રવેશ કરવામાં આવ્યો હતો.

તાલુકાના પાંચાલ વિસ્તારના ગામડાઓની પ્રાથમિક શાળામાં ૧૭૬ જેટલા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપીને જિલ્લા પંચાયતના કારોબારી સમિતિના ચેરમેન નીતિનભાઈ રાઠોડ દ્વારા શાળા પ્રવેશ કરાવ્યો હતો તેમજ ગામની સ્થાનિક આંગણવાડી કેન્દ્રના નાના–નાના ભૂલકાઓને પણ ધામધૂમથી પ્રવેશ કરાવ્યો હતો તેમજ શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

શાળા પ્રવેશોત્સવની સાથે સાથે શાળાના મેદાનમાં નીતિનભાઈ રાઠોડના વરદ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું તેમજ જિલ્લા પંચાયતની સભ્ય ગ્રાન્ટમાંથી વિવિધ વિકાસના કામોનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું. જેમાં કીડી ગામે પ્રાથમિક શાળામાં રૂા. પાંચ લાખના ખર્ચે ડિજિટલ કલાસરૂમ તેમજ પાંચ લાખના ખર્ચે વિદ્યાર્થીઓ માટે પ્રાર્થના હોલ, શિરવાણીયા ગામે વિદ્યાર્થીઓ માટે ૧૭ જેટલા કોમ્પ્યુટર ફાળવણી કરવામાં આવી અને સ્માર્ટ કલાસ અને પ્રાર્થના હોલ, પીવાના શુદ્ધ પાણી માટે આર.ઓ. પ્લાન્ટ સહિતના વિકાસના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

જિલ્લા પંચાયતના કારોબારી સમિતિનાં ચેરમેન નીતિનભાઈ રાઠોડે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને પાયાનું સારૂં અને શ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટે રાજય સરકાર કટિબદ્ધ છે.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના કારોબારી સમિતિના ચેરમેન નીતિનભાઈ રાઠોડ દ્વારા વધુમાં જણાવ્યું હતું કે, તાલુકાની પાંચાલ વિસ્તારના ગામડાઓમાં શાળાઓની નવી બિલ્ડીંગ બની છે, શાળાની અંદર પીવાના પાણીથી લઈ શિક્ષણ સુધીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. વર્તમાન યુગ કોમ્પ્યુટર અને ડીઝીટલનો યુગ છે ત્યારે બાળકો એ દિશામાં આગળ વધે તે માટે સ્માર્ટ કલાસ રૂમ, ડિજિટલ કલાસ રૂમ અને કોમ્પ્યુટરની ફાળવણી કરવામાં આવી છે. ગામના બાળકને પોતાની શાળામાં સારામાં સારૂં શિક્ષણ અને સુવિધાઓ મળી રહી છે ત્યારે ગામનો એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે જોવાની જવાબદારી રાજય સરકારની સાથે સાથે ગામની પણ છે. ગામના જાગૃત લોકો શિક્ષણની સાથે સ્વચ્છતા અભિયાન તેમજ વ્યસન મુકતમાં આગળ આવી ગામને ગોકુળિયું ગામ બનાવવા માટે આગળ આવે તેવી અપીલ અંતમાં કરવામાં આવી હતી.

અજાણ્યા વાહન ચાલકે બે યુવકોને હડફેટે લીધા

ઉનાનાં કેસરીયા ગામની શાકમાર્કેટ નજીક માર્ગ અકસ્માતમાં એક વ્યકિતનું મોત

અન્ય એક વ્યકિતને ઈજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડાયા

ઉના, તા. ૧૩

કોડીનારમાં આવેલ સત્યમ સોસાયટીમાં રહેતા અને મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા દિલીપભાઈ ગાવડીયા જાતે દેવીપુજક તથા તેમના મિત્ર નરેશભાઈ કચરાભાઈ એદરીયા રહે. જુનાગઢ વાળાઓ બંને મિત્રો કેસરિયા ગામે ડબ્બા પેટીની ફેરી કરી કોડીનાર ગામે પોતાના ઘરે જવા માટે પગપાળા ચાલીને જઈ રહ્યા હોય ત્યારે કેસરિયા ગામે આવેલ શાક માર્કેટ પાસે પૂર ઝડપે આવી રહેલ ત્યારે અજાણ્યા વાહન ચાલકે બંને યુવકોને અડફેટે લેતા હાથ પગ અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે ઉના સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જયાં ફરજ પરના તબીબે દિલીપભાઈ ગાવડીયા રહે. કોડીનાર વાળાને મૃત જાહેર કર્યા હતા. જયારે નરેશભાઈ કચરાભાઈ એદરિયા રહે. જુનાગઢ વાળાને ગંભીર ઈજાઓ થતા વધુ સારવાર અર્થે જુનાગઢ ખસેડાતા મૃતક દિલીપભાઈના ભાઈએ અજાણ્યા વાહન ચાલક વિઢદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી અકસ્માત સર્જનાર વાહન ચાલકને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

પીજીવીસીએલ વિભાગને સમય જ નથી

ઉનાનાં વેરાવળ માર્ગ પર તૌકતે વાવાઝોડાથી ક્ષતિગ્રસ્ત થયેલ વીજપોલ જૈસે થે

વીજકર્મીઓ આળશ ખંખેરી સમસ્યાનું નિરાકરણ કરે તેવી માંગ

તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૩

ઉનાનાં વેરાવળ રોડ પરનાં પૂજા પાનની સામેન ભાગે આવેલ ''૬૬ કેવી ઉના ધોકડવા ૦૧૪ એજી, તપોવન ૦૧૩ એજી'' લખેલ વીજપોલ તૌકતે વાવાઝોડા સમયે ઈજાગ્રસ્ત થયેલ હોય જેથી નમેલો જોવા મળે છે. એક તરફ ઉના બાયપાસનું કામ અધૂરું હોવાથી પસાર થતાં નાના મોટા હજારો વાહનો આ વીજપોલ પાસેથી પસાર થતાં હોય જેથી ઉના વેરાવળ રોડ ટ્રાફિકથી ધમધમતો હોય છે. ત્યારે આ વીજપોલ રોડની બાજુએ ઝુકી ગયેલ છે. ત્યારે આ રોડ પર આવતા જતાં વાહન ચાલકો વચ્ચે આ થાંભલો ઝૂકીને સલામ કરતો હોય તેવું લાગે છે. હાલ બિપરજોય વાવાઝોડાની આગાહીને પગલે ઉના પંથકમાં ભારે પવન સાથે વરસાદ પણ વરસી રહ્યો છે. ત્યારે આવા સમયે આ વીજપોલ ઝૂકેલો હોવાથી નીચે પડવાની સંભાવનાને નકારી શકયા નહીં. ત્યારે સ્થાનિક તંત્ર દ્વારા આ વીજપોલને ફરી પાછો મૂળ સ્થિતિમાં ઉભો કરવાની કાર્યવાહી કરવી જરૂરી બની છે. તેવું આ થાંભલા પાસેથી પસાર થતાં લોકો બોલી રહ્યાં છે. ભવિષ્યમાં કોઈ દુર્ઘટના સર્જાય એ પહેલા તાકીદે આ વીજપોલનું સમારકામ કરવું જરૂરી છે. એવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. આગમચેતીનાં ભાગરૂપે પણ ઉના શહેરનાં રોડ પર આવેલા નમેલા વીજપોલનું તાકીદે યોગ્ય સમારકામ થાય તેવું આમ જનતા ઈચ્છે છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

એસ.ટી. વિભાગની ખાનગી વાહનચાલકો સાથે મિલીભગત હોવાની ચર્ચા વચ્ચે

આલેલે : જાફરાબાદ–ભાવનગર વચ્ચે જેમ જેમ મુસાફરોનો ટ્રાફિક વધે તેમ બસ સુવિધા વધવાને બદલે ઘટે છે

વિકાસ, વિકાસ અને વિકાસનાં બણગા ફુંકતા રાજકીય આગેવાનો આંખ ખોલીને જુએ તે જરૂરી

જાફરાબાદ, તા. ૧૩

જાફરાબાદ ૪૨ ગામનો તાલુકો છે. માચ્છીમારીનું મોટું કેન્દ્ર છે. કોસ્ટવેલ ઉપર મહાકાય કંપનીઓ આવેલી છે. જેવી કે નર્મદા કંપની તથા ભાકોદરની સ્વાન કંપની તેમજ સિન્ટેકસ કંપની આમ જાફરાબાદ કંપનીનું ઝોન છે. આ કંપનીઓમાં બિહાર, યુપી, વિગેરે પ્રાંતોના કામદારો, કર્મચારીઓ, અધિકારીઓ વિગેરે મોટી સંખ્યામાં કામકાજ કરી રહેલ છે. જાફરાબાદ બંદરમાં ૭૦૦ ફીશીંગ બોટો છે તેમજ મત્સ્યોદ્યોગ સરકારને કરોડો રૂપિયાનું વિદેશી હુંડીયામણ કમાવી આપે છે. અહીં મામલતદાર કચેરી તેમજ કોર્ટ, તાલુકા પંચાયત વિગેરે સરકારી કચેરીઓ આવેલી છે. જાફરાબાદના લોકો મહુવા તેમજ ભાવનગર તબીબી સારવાર માટે વધુ પ્રમાણમાં જતા હોય પરંતુ અગાઉ મહુવા જવા માટે બે બે બસો મળતી હતી આ સવલત એસ.ટી. તંત્રએ લોકોની ઝુંટવી લીધી છે. સવારના ૭.૨૦ કલાકે મહુવા જવા માટે જાફરાબાદ, અમદાવાદ માત્રને માત્ર એકજ બસ મળે છે જેમાં મોટી ભીડ થાય છે. લોકોને દવાખાના કામે જવા માટે લોકોને ખાનગી વાહનોમાં વધુ ભાડું ચૂકવીને અકસ્માતના ભય નીચે મહુવાની મુસાફરી કરવી પડે છે.

તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

અગાઉ મહુવા જવા માટે જાફરાબાદ, મહુવા, મહુવા, જાફરાબાદ જવા માટે સવારના ૬ કલાકે બસ મળતી હતી તે પણ બંધ કરી દેવામાં આવી છે. સવારના એસ.ટી. બસ ન મળવાને કારણે લોકો આઠથી દસ ખાનગી વાહનોમાં ભરાઈને જાય છે તો એસ.ટી. તંત્રને મળતી આવક ગુમાવવી પડે છે. એસ.ટી. તંત્રના પ્રયાન ઉપર કેમ આવતું નથી કે પછી ખાનગી વાહનો સાથે એસ.ટી. તંત્રની મિલીભગત હોય તેમ જણાય છે. માટે મુસાફર જનતાની વર્ષો જુની માંગણી હોય છતાં પણ એસ.ટી. તંત્ર આંખ આડા કાન કરી રહેલ છે.

લોકો ભાવનગર જવા માટે સવારના ૭.૨૦ પછીથી સાંજના ૪ વાગ્યા સુધી એકપણ ભાવનગર જવા માટે મળતી નથી. ભાવનગર જવા માટે બસ ચાલું કરવામાં આવે લોકો આ સમસ્યાથી ત્રસ્ત થઈ રહ્યા છે તો અમરેલી વિભાગીય નિયામક આ બન્ને બસો ચાલુ કરવા માટે તાત્કાલિક ચાલુ કરે તેવી જનતા જનાર્દનની બુલંદ માંગણી છે.

કુદરતી આફત વચ્ચે માત્ર પૂજા કરવાથી કશું નહી મળે

દરિયાદેવનાં પેટાળમાં પ્રદૂષણયુકત કચરાને જતો અટકાવવાની જરૂરી

પર્યાવરણને બચાવવા માટે સૌએ ગંભીર બનવું પડશે

સાવરકુંડલા, તા. ૧૩

દરિયા દેવને શાંત કરવા માટે પૂજા, પ્રાર્થના તો જરૂરી છે પરંતુ સાથે સાથે દરિયાના પેટમાં પધરાવાતો અનેક વિષયુકત કચરો પણ ક્રોધનું કારણ હોય શકે. દરિયાદેવ પણ હવે કદાચ પૂજા, પ્રાર્થના કરતાં એ ભકતજનોને પોકારી પોકારીને કહેતા હશે કે હવે તો સમજી જાવ. હવે તો આ સતત વધતાં પ્રદૂષણને નાથવા કોઈ ચોક્કસ હલ શોધો. કદાચ એ પણ કહેતા હોય શકે કે તમે તો એ.સી. કોન્ફરન્સ હોલમાં બેસીને પ્રદુષણને નાથવાનો હલ શોધતાં હશો. પરંતુ હજુ સુધી કોઈ સંકેતાત્મક પરિણામ હાંસલ કર્યુ ખરૂં ? વાહનોના બેફામ ઉપયોગ, રાજકીય, સામાજિક, ધાર્મિક મેળાવડા સમયે વાહનો, પ્લાસ્ટિક પાઉચ કે પ્રદુષિત ઘન કચરો તો આવા કાર્યક્રમોથી વધે કે ઘટે ? એ સવાલ પણ કદાચ દરિયા દેવની પૂજા કરતાં ભકતજનોને પૂછતાં પણ હશે ? પ્રત્યુતરમાં એને શું જવાબ આપવો એની અવઢવ વચ્ચે બસ વર્તમાનપત્રોમાં ફોટા સાથે સમાચારના સ્વરૂપે એક નિવેદન પણ આપો એવું દરિયાદેવ કહેતા નહીં હોય ને ? બસ આફત આવે એટલે પ્રકૃતિનું જતનની વાતો સાંભરે બાકી રામેરામ..!! અને એ પણ જાણે ક્ષણિક હોય તેવું લાગે. આમ આફત ટળી અને વળી પાછા મેળાવડા અને વાહનોનો બેફામ ઉપયોગ શરૂ. પછી પાછા એ જ કહે બોલો હવે પ્રદૂષણ નિયંત્રણ માટે આપણે શું કરવું ? આવા બાલીશ સવાલો સાથે મનોમંથન માટે પણ મેળાવડો તો કરવો જ પડે.!! કાર્બન ઉત્સર્જન કેવી રીતે કમ કરવું એની વાત પણ થાય. થોડા ઘણા પગલાં પણ લેવાય પરંતુ પરિણાત્મક પરિવર્તન આવે એવી નોંધનીય મુવમેન્ટ કયાં થાય છે ? આવો સવાલ પણ દરિયા દેવ પૂજા, પ્રાર્થના કરતાં ભકતજનોને પૂછી પણ લેતાં હશે'ને ? ત્યારે એ દરિયા દેવની પૂજા કરતાં લોકો ભાવુક થઈને ગેંગેં ફેંફેં થઈને શું જવાબ આપતાં હશે એ તો રામ જાણે.!!

ઉના તાલુકાના તમામ બંદરોની મુલાકાત લેતા મંત્રી પરશોતમભાઈ સોલંકી

ઉના, તા. ૧૩

ભારતીય હવામાન વિભાગ દ્વારા સંભવિત વાવાઝોડા 'બિપરજોય' અંગે આગાહી કરવામાં આવી છે. ત્યારે ગુજરાત રાજયનાં મંત્રી પરશોતમભાઈ સોલંકીએ ઉના પ્રાંત કચેરી ખાતે તમામ સંબંધિત વિભાગનાં અધિકારીઓ સાથે વાવાઝોડા પૂર્વેની સલામતી અને બચાવ રાહતની કામગીરી અંગેની સમીક્ષા બેઠક યોજી હતી. રાજયમંત્રી પરશોતમભાઈ સોલંકીએ તમામ અધિકારીઓ પાસેથી વાવાઝોડા સંદર્ભે પૂર્વ તૈયારીઓ અંગેની વિગતો જાણી જરૂરી વિભાગનાં અધિકારીઓને કામગીરી કરવા માટે આદેશ આપ્યા હતા. ખાસ કરીને પ્રાથમિક જરૂરિયાતની બાબતનું ખાસ તકેદારી રાખવા જણાવ્યું હતું. અને દરિયાકાંઠાનાં નજીકના વિસ્તારોમાં નાગરિકોનાં સ્થળાંતરની પ્રક્રિયા તુરંત કરવા અને શેલ્ટર હોમમાં જરૂરિયાતની સુવિધાઓ ઉપલબ્ધ કરવા અંગેની તકેદારી રાખવા જણાવ્યું હતું. આ ઉપરાંત જિલ્લામાં આરોગ્ય સેવા સુદ્રઢ રહે તે માટે તમામ વ્યવસ્થાઓ કરવા માટે જણાવ્યું હતું.

દરિયાકાંઠાનાં વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની હવામાન વિભાગની આગાહીનાં પગલે પોલીસ વિભાગ સતત પેટ્રોલિંગ કરીને કોઈ જ વ્યકિત દરિયાકાંઠે ના જાય તે સુનિશ્ચિત કરવા તેમજ કાંઠાનાં વિસ્તારોમાં પ્રચાર–પ્રસાર કરી નાગરિકોને જાગૃત કરવા પણ સૂચનાઓ આપી હતી.

નાગરિકોને કોઈપણ પ્રકારની અફવાઓમાં દોરાયા વગર સરકારી તંત્ર દ્વારા સમયાંતરે અપાતી સૂચનાઓનું પાલન કરવા તેમજ અફવાથી દૂર રહીને તંત્રની ગાઈડલાઈનને અનુસરવા લોકોને અપીલ કરી છે. આ બેઠકમાં ઉના પ્રાંત અધિકારી જે.એમ. રાવલ, મામલતદાર આર.આર. ખાંભરા, તાલુકા વિકાસ અધિકારી બગથરિયા, સિંચાઈ વિભાગનાં એસ.એલ. રાઠોડ, પોલીસ સ્ટાફ, સંબંધિત વિભાગનાં અધિકારીઓ તેમજ પદાધિકારીઓ સહિતનાં ઉપસ્થિત રહ્યાં હતા.

તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

સામાન્ય પવન ફૂંકાઈ તો પણ થુંકનાં સાંધા મારેલ વીજવાયર હલબલી જાય છે

અમરેલીનાં શહેરીજનો અનિયમિત વીજળીથી તોબા... તોબા

દિવસ અને રાતનાં સમયે અવારનવાર વીજળી ગુલ જતાં બાળકોથી લઈને વૃધ્ધો સહિત સૌ કોઈમાં રોષની આંધી

પ્રિ–મોન્સુનની કામગીરી નિયમ પ્રમાણે થતી ન હોવાથી દરેક ચોમાસામાં પરિસ્થિતિ વણસે

વધારાનાં અધિકારી કે કર્મચારીઓની નિમણૂંક કરીને જર્જરીત બનેલ વીજ વાયર, ટીસી બદલવા જરૂરી

ઉચ્ચ અધિકારીઓએ શહેરની દોઢ લાખની જનસંખ્યાની પરેશાની દૂર કરવી જોઈએ તેવી માંગ

અમરેલી, તા. ૧૩

અમરેલી એ જિલ્લાનું મુખ્ય મથક છે અને આથી જિલ્લાભરમાંથી નાગરિકો શિક્ષક, આરોગ્ય, ખરીદી કે વહીવટીલક્ષી કામ અર્થે આવતા હોય છે અને આ મહત્વનાં શહેરમાં પીજીવીસીએલની ગંભીર બેદરકારીનાં કારણે અવારનવાર વીજ પુરવઠો ખોરવાતા શહેરની દોઢ લાખની જનસંખ્યામાં બહારથી આવતા નાગરિકો પણ કંટાળી ગયા છે.

અમરેલી આજે ચારે દિશામાં વિકાસ પામી રહ્યું હોય પીજીવીસીએલ ધ્વારા અધિકારી અને કર્મચારીઓની સંખ્યામાં વધારો થતો નથી, પ્રિ–મોન્સુનની કામગીરી થઈ શકતી નથી, જર્જરિત બનેલ વીજવાયર અને ટ્રાન્સફોર્મર કે અન્ય સાધન–સામગ્રી યોગ્ય રીતે વપરાતી ન હોવાથી સામાન્ય પવનમાં પણ વીજ પુરવઠો ખોરવાઈ જાય છે. અમરેલીમાં છેલ્લા થોડા દિવસોથી વીજ પુરવઠાની અનિયમિતતાનું પ્રમાણ વધી ગયું છે. દિવસ હોય કે રાત ગમે તે સમયે વીજળી ગુલ થતાં અસહ્ય ગરમી વચ્ચે આબાલ–વૃધ્ધ સહિત સૌ કોઈને વિક્ષેપ થઈ રહ્યો છે. વ્હેલી સવારે, રાત્રિના કે બપોરનાં સમયે શહેરીજનોની ઊંઘમાં વિક્ષેપ થાય છે તો દિવસ દરમિયાન તમામ પ્રકારનાં કામો અટકી પડે છે.

જિલ્લાકક્ષાનાં મુખ્ય શહેરમાં અનિયમિત વીજ પુરવઠો હોય તો અંતરિયાળ વિસ્તારમાં કેવી પરિસ્થિતિ હશે તેનો અંદાજ મળી શકે તેમ છે. ઉચ્ચ અધિકારીઓ આળશ ખંખેરીને શહેરીજનોને નિયમિત વીજ પુરવઠો મળી રહે તેવી વ્યવસ્થા કરે તેવી માંગ ઉભી થઈ રહી છે.

શહેરીજનોની મુશ્કેલી દૂર કરવા શાસકો આળશ ખંખેરે

લ્યો બોલો : બાબરામાં પાલિકાનાં શાસકોએ માર્ગ બનાવીને ખુલ્લી કૂંડીને નજર અંદાજ કરી દીધી

કોઈ અકસ્માત સર્જાઈ તે પહેલા કૂંડીનું કામ શરૂ કરવા માંગ


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૩

બાબરામાં નગરપાલિકા દ્વારા શહેરની આડી, ઉભી મુખ્ય બઝારોનું સીસી રોડનું કામ થોડા દિવસો પહેલા પૂર્ણ કરવામાં આવ્યું. અહીં સીસી રોડ જે બનાવવા આવ્યો તે તમામ માર્ગમાં ભૂગર્ભ ગટરની કુંડીઓ આવેલી છે પણ કયાંક કયાંક ગટરની કુંડીઓનું લેવલ જોવામાં આવ્યું નથી. તેમજ મોટા ભાગની કુંડીઓ ખુલ્લી અને અધૂરી છોડી મુકવામાં આવતા બઝારોમાં પસાર થતા રાહદારીઓને અને સ્થાનિક વેપારીઓને ભારે હાલાકીનો સામનો કરવાની ફરજ પડે છે. ત્યારે નગરપાલિકાનાં જવાબદાર લોકો દ્વારા તાત્કાલિક અસરથી અહીં ખુલ્લી કુંડીઓનું કામ શરૂ કરી પૂર્ણ કરવું જોઈએ તેવી વેપારીઓમાંથી માંગ ઉઠવામાં પામી છે.

બાબરા શહેરમાં આવેલ મુખ્ય બઝારોમાં ગટરની ખુલ્લી કૂંડીઓના કારણે વેપારીઓને ખુબ જ મુશ્કેલીઓ પડી રહી છે. કારણ કે અહીં ખરીદી અર્થે આવતા ગ્રાહકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવાની ફરજ પડે, બઝારોમાં વચ્ચે આવેલ અથવા સાઈડમાં આવેલ ગટરની કુંડીઓ રાહદારીઓને ચાલવામાં તેમજ વાહન ચાલકો માટે ખુબ જ હાલાકી સર્જે છે. કારણ કે અહીં દિવસ દરમિયાન નાના–મોટા અકસ્માત સર્જાય રહ્યા છે તેમજ રાત્રી વખતના ઘણીવાર લોકો પડી રહ્યા છે અને નાની–મોટી ઈજા થઈ રહી છે. ત્યારે આગળ કોઈ ગંભીર અકસ્માત સર્જાશે તો જવાબદાર કોણ તેવા સવાલ પણ વેપારીઓમાંથી ઉઠવા લાગ્યા છે.

વેપારીઓ દ્વારા ઉગ્ર રોષ સાથે જણાવ્યું હતું કે, નગરપાલિકા પ્રમુખ લલિતભાઈ આંબલિયા અને ચીફ ઓફિસર રઘુવીરસિંહ ઝાલા દ્વારા શહેરના લોકો અને વેપારીઓના હિતાર્થે શહેરની બઝારોમાં સ્થળ નિરીક્ષણ કરવું જોઈએ અને ખુલ્લી કુંડીઓ જે માર્ગમાં છે તે તાત્કાલીક અસરથી કામ શરૂ કરાવી બંધ કરાવવી જોઈએ તેવી માંગ અંતમાં કરી હતી.

સરકારી આયુર્વેદ હોસ્પિટલ અને વેપારી સંગઠન દ્વારા

અમરેલીમાં આવતીકાલથી અઠવાડીયા સુધી ''વિશ્વ યોગ'' સપ્તાહની ઉજવણી

કાર્યક્રમનાં સ્પોન્સર તરીકે નીલકંઠ જ્વેલર્સ રહેશે

અમરેલી, તા. ૧૩

સરકારી આયુર્વેદ હોસ્પિટલ, વેપારી મહામંડળ તથા રોટરી કલબ ઓફ અમરેલી ગીરનાં સંયુકત ઉપક્રમે આગામી તા. ૧૫/૬ થી તા. ૨૧/૬ સુધી દરરોજ સવારે ૬ થી ૮ વાગ્યા સુધી નવમાં વિશ્વ યોગ દિવસની ઉજવણીરૂપે યોગ સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. આ કાર્યક્રમનાં ઉદ્ઘાટક સ્પોન્સર તરીકે નિલકંઠ જવેલર્સ તથા કો–સ્પોન્સર તરીકે પૂ. સંત શ્રી હરિરામ બાપાનાં અંતરીક્ષથી આર્શિવાદથી થશે. આ કાર્યક્રમનો શુભારંભ તા.૧૫ ને ગુરૂવારનાં રોજ સરકારી આયુર્વેદ હોસ્પિટલ–અમરેલી, વેપારી મહામંડળ –અમરેલી તથા રોટરી કલબ ઓફ અમરેલી ગીર દ્વારા રાખવામાં આવેલ છે.

શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯/૨૩૧૯૫૫
પ્રવેશની ઉત્તમ તક...
ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
F.Y.B.Com. SEMESTER - I | S.Y.B.Com. SEMESTER - III | T.Y.B.Com. SEMESTER - V | M.Com. SEMESTER - I
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠ્ય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.
શ્રી ડો. એસ.પી. સિતાપરા
પ્રિન્સિપાલ
મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક
સવારનાં
૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
www.mdscollege.org
શ્રીમતિ વનીતા બી. સીતાપરા
મેનેજીંગ ટ્રસ્ટી
મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮

''શ્રી વલ્લભ''
Navnit
MARUTI SUZUKI ARENA
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો–રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

અમરેલી કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત
નૂતન કોમર્સ કોલેજ–અમરેલી
DMLT, B.Com, M.Com માં પ્રવેશ કાર્ય ચાલુ છે
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમો...
DMLT
B.Com
M.Com
પ્રવેશ માટે રૂબરૂ સંપર્ક કરવો
DMLT, B.Com, M.Com
જીલ્લા પંચાયત રોડ, એસ.ટી. ડેપો પાસે, રેમન્ડના શો-રૂમ સામે, અમરેલી.
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૦૧ ■ મો.નં. ૯૪૨૬૨ ૧૪૪૮૯

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઇન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઇન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

Hero
go BIG go XOOM
XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

HONDA The Power of Dreams
Honda Shield 3+3 years warranty
સાથે ISI માર્કાવાળુ
ફ્રી હેલ્મેટ
તદ્દન મફત
સપના કરશે સાકાર...
હોન્ડા CD110
કિંમત રૂા. 69,761/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
ઓથો.ડિલર
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

॥ વંદે માતરમ્ ॥
YAMAHA Revs Your Heart
YES! YAMAHA
Make an Impression
fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR
It's fascino yaar
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો–રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ
100% કોમર્સ
ધોરણ - ૧૧/૧૨ કોમર્સ (ગુજરાતી મીડીયમ)
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠયપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે
ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા
ધો.૧૦ P.R. આધારીત સ્કોલરશીપ

ધો.૧૦ P.R.	ફી માફી
95 થી ઉપર P.R.	50%
90 થી 95 P.R. સુધી	40%
85 થી 90 P.R. સુધી	25%
65 થી 85 P.R. સુધી	15%
50 થી 65 P.R. સુધી	10%

બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ...
સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિકલી લેકચર...
કોમર્સના વિદ્યાર્થીઓ માટે એક નવા જ દ્રષ્ટિકોણ સાથે અભ્યાસ...
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ ૧૧ કોમર્સથી CA FOUNDATION ની તૈયારી કરાવતી સંસ્થા
એડમીશન મેળવવા માટે તુરંત સંપર્ક કરો
નિકુંજ ગઢવાલા ■ મો. ૯૧૦૬૬ ૩૪૪૨૬
ભરત સાવલીયા ■ મો. ૯૯૭૯૪ ૪૯૬૪૯
લાઠી રોડ, કાર વર્ડની પાછળ, નારાયણનગર, અમરેલી.

કેરિયાચાડ ખાતે શાળા પ્રવેશોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરાઈ

આજરોજ શ્રી જનતા વિદ્યાલય– કેરીયાચાડમાં શૈક્ષણીક વર્ષના નવા સત્રથી બંને ધોરણનાં તમામ વિદ્યાર્થીઓને દાતા કેતન વિનુભાઈ દેસાઈ તરફથી નોટબૂક તથા અન્ય સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યું તથા ધોરણ ૯ માં દાખલ થતી તમામ વિદ્યાર્થિનીઓને યુનિફોર્મ આપવામાં આવ્યો. આ તબક્કે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્યકૌશિકભાઈ વેકરિયા અતિથિ વિશેષ તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કૌશિકભાઈ તથા અન્ય મહાનુભાવોને હસ્તે દીપ પ્રાગટય બાદ આ કાર્યક્રમ શરૂ થયો. કૌશિકભાઈએ વિદ્યાર્થીઓને અભ્યાસ બાબતે સરસ વાત કરી અને ભણતરનું મહત્વ સમજાવ્યું. કાર્યક્રમની શરૂઆત ધોરણ ૯ ની એક વિદ્યાર્થિની દ્વારા પ્રાર્થના ગીતથી કરવામાં આવી. આ પ્રસંગે દાતા કેતનભાઈનાં બહેન સોનલબેન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત ગામ આગેવાનો ગુણુભાઈ દેસાઈ, સરપંચ રાવતભાઈ, કીર્તિભાઈ, રાજુભાઈ, ધરમશીભાઈ, અશોકભાઈ, કાળુભાઈ, મધુભાઈ, વિનુભાઈ, ભૂતપૂર્વ શિક્ષક પરમાર તથા અન્ય શિક્ષણપ્રેમી વ્યકિતઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આ શાળાના આચાર્ય રેખાબેન મિયાણીએ તૈયાર કરી હતી. મયંકભાઈ તથા ગોહીલએ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું.

અમરેલી : શીતલ આઈસ્ક્રીમને ઈન્ડિયા વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત થયું

અમરેલી, તા. ૧૩

અમરેલીથી ચાલુ થયેલી શીતલ આઈસ્ક્રીમ આજે એફએમસીજી ક્ષેત્રમાં ખૂબ ઝડપથી આગળ વધી રહી છે શીતલ આઈસ્ક્રીમ આજે ભારત દેશના વિવિધ રાજયોથી લઈને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વિદેશમાં પણ લોકોનો પહેલી પસંદ બની રહી છે.

શીતલ આઈસ્ક્રીમ એ આઈસ્ક્રીમની સાથે ડેરી પ્રોડક્ટ્સ, નમકીન, મસાલાઓ, બેકરી જેવી પ્રોડક્ટ્સમાં આજે ખુબ ઝડપથી આગળ વધવાની સાથે લોકોની પહેલી પસંદ બની રહી છે.

અમરેલીથી ૧૯૮૭માં નાના પાયે શરૂ થયેલી આ કંપની આજે બીએસઈ અને એનએસઈમાં પણ લિસ્ટેડ થઈ ચૂકી છે.

૪000 કરતા વધારે કર્મચારીઓને શીતલ આઈસ્ક્રીમ રોજગાર આપી રહી છે. અને સમયની માંગ પ્રમાણે તેઓ ટેકનોલોજીની દિશામાં પણ હરણફાળ ભરી રહ્યા છે.

શીતલ આઈસ્કીની પાસે સિંગલ ફલોર પર ઓટોમેટિક આઈસકેન્ડી ઉત્પાદન કરવા માટેનો વિશાળ પ્લાન્ટ છે જે ડેઈલી ૧૮,000,00 યુનિટ આઈસ કેન્ડીનું પ્રોડકશન કરવાની ક્ષમતા ધરાવે છે.

આ સિંગલ ફલોર આઈસકેન્ડી પ્લાન્ટ એ સમગ્ર એશિયામાં સૌથી મોટો પ્લાન્ટ છે અને આ પ્લાન્ટ માટે શીતલ આઈસ્ક્રીમ અમરેલીને ઈન્ડિયા’સ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત થયું છે.

આ અનોખી અને ઐતિહાસિક સિદ્ધી માટે અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયાએ દિનેશભાઈ ભુવા અને ભુપતભાઈ ભુવાને સર્ટિફિકેટ અર્પણ કરવાની સાથે અભિનંદન આપ્યા હતાં અને શીતલ આઈસ્ક્રીમ પરીવાર ભવિષ્યમાં પણ નવા કીર્તિમાન સ્થાપિત કરી અને અમરેલીને ગૌરવ અપાવે તેવી આશા વ્યકત કરવાની સાથે શીતલ આઈસ્ક્રીમ પરીવારને શુભેચ્છા અર્પણ કરવામાં આવી હતી.

શીતલ આઈસ્ક્રીમ એનર્જી ઉત્પાદનથી લઈને રો મટીરીયલ અને માર્કેટિંગથી લઈ પેકેજીંગ સુધીના મહત્તમ વિભાગમાં સ્વનિર્ભર છે જે તેમને બીજી ઈન્ડસ્ટ્રીઝથી અલગ બનાવે છે.

શીતલ આઈસ્ક્રીમ એક એવી કંપની છે જેના વિઝનથી દરેક કર્મચારી પરિચીત છે અને અહિ પ્રાર્થનાંની સાથે દરરોજ કંપનીના વિઝનને પણ યાદ કરવામાં આવે છે.

શીતલ આઈસ્ક્રીમ ભવિષ્યમાં ભારત દેશની પ્રથમ ૫ એફએમસીજી કંપનીમાં સ્થાન પ્રાપ્ત કરી અને લોકોને વધારે સુલભ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં માટે અગ્રેસર છે અને આ લક્ષ્યાંકને સિદ્ધ કરવા કટિબદ્ધ છે.

શીતલ આઈસ્ક્રીમ પરિવારને આ અનોખા વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવવા માટે ચારે તરફથી અભિનંદનની વર્ષા થઈ રહી છે.

આ વર્લ્ડ રેકોર્ડ અને આ સિદ્ધી પ્રાપ્ત કર્યા પછી કંપનીના યુવા ડાયરેકટર હાર્દિકભાઈ ભુવા જણાવે છે કે આ સિદ્ધી અમારા વડીલોએ કરેલા પરિશ્રમ અને અમારા કર્મચારીઓની મહેનતને આભારી છે. અમારા વડીલોએ જોયેલા સ્વપ્નોને પૂર્ણ કરવા અને ભવિષ્યમાં પણ નવા કીર્તિમાન સ્થાપિત કરવા શીતલ આઈસ્ક્રીમ પરિવાર પ્રિતિબદ્ધ છે.

---

૧૪ જૂન : વિશ્વ રકતદાતા દિવસ

રકત આપો, જીવન બચાવો...

દર વર્ષે ૧૪ જૂનનાં રોજ વિશ્વ રકતદાતા દિવસની ઉજવણી કરવામાં આવે છે. કાર્લ લેન્ડસ્ટેઈનર કે જે એબીઓ રકતસમુહ પ્રણાલી (એબીઓ બ્લડ ગ્રુપ સીસ્ટમ)નાં શોધક છે. આ માટે તેમને ૧૯૩0નાં વર્ષનું નોબલ પારિતોષિક પણ એનાયત કરવામાં આવ્યું હતું. કાર્લ લેન્ડસ્ટેઈનરનો જન્મદિવસ ૧૪મી જૂન, ૧૮૬૮ છે. વિશ્વને રકતદાનનું મહત્વ સમજાવવા વિશ્વ આરોગ્ય સંસ્થા વર્ષ ૨00૭ થી એમનાં જન્મ દિવસ (૧૪ જૂન)ને વિશ્વ રકતદાન દિવસ તરીકે મનાવવાની શરૂઆત કરી. વિશ્વ રકતદાતા દિવસ મનાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને રકતદાન અંગે જાગરૂત કરવાનો છે. લોકો સ્વેચ્છાએ બ્લડ ડોનેટ કરશે તો બ્લડ બેન્કમાં પર્યાપ્ત માત્રામાં બ્લડ ઉપલબ્ધ રહેશે, જેનાથી જરૂર પડવા પર દર્દીને સરળતાથી બ્લડ મળી શકે. રકતદાન કરવાથી કેટલાય લોકોને નવું જીવન આપી શકાય છે. દેશ–દુનિયામાં કેટલાય લોકો દરરોજ લોહીની ઉણપથી મૃત્યુ પામે છે. આ દિવસની ઉજવણીથી લોકોને સમજાવી શકાય છે કે રકતદાન કેટલું જરૂરી છે.

આજે દુનિયા ટેકનોલોજીની બાબતમાં ખૂબ જ આગળ નીકળી ગઈ છે. મેડિસીનની બાબતમાં પણ ઘણા–બધા સંશોધનો થયા અને નવી નવી ટેકનોલોજીનો વિકાસ થયો છે. અદ્યતન સાધનોની મદદથી ઝડપી અને ખૂબ જ સારી રીતે સારવાર કરી શકાય છે. આ બધુ હોવા છતાં પણ હજુ સુધી કૃત્રિમ રીતે લોહી બની શકયું નથી. એના માટે ઘણા બધા પ્રયત્નો થયા છે પણ હજું સુધી તેમાં સફળતા મળી નથી. તેના માટેનાં તમામ પ્રયત્નો વ્યર્થ સાબિત થયા છે. લોહી એ ફક અને ફકત કોઈ રકતદાતા પાસેથી જ મેળવી શકાય છે. અને આ કારણથી જ લોહીની ખૂબ જ અછત ઊભી થાય છે.

સામાન્ય રીતે લોકો બીજાની મદદ કરવાનાં હેતુથી રકતદાન કરતા હોય છે અને તેમનું એક વખતમાં કરેલું રકતદાનએ ૩ અન્ય લોકોનો જીવ બચાવી શકે છે. એક સર્વે અનુસાર મોટા ભાગના લોકો જેમણે રકતદાન નથી કર્યુ હોતું તેમનો રકતદાન અંગે અભિપ્રાય એવો હોય છે એમને કયારેય રકતદાન વિશે વિચાર્યુ જ નથી હોતું. આનો મતલબ એ કે સમાજમાં હજુ પણ રકતદાન અંગે જાગૃતિનો અભાવ છે. જો સમાજમાં રકતદાન પ્રત્યે જાગૃતિ ફેલાવવામાં આવે અને લોકોને રકતદાન અને તેની જરૂરિયાત તથા તેનાથી થતા ફાયદા વિશે સમજાવવામાં આવે તો એનાથી સમાજને ખૂબ જ મોટો ફાયદો થઈ શકે છે. આ બાબતે યુવાનોનું ધ્યાન કેંદ્રિત કરવાની તાતી જરૂરિયાત છે, કારણ કે યુવાનો રકતદાન માટે સક્ષમ હોય છે પણ જાગૃતતાનાં અભાવે યુવાનોને રકતદાન માટે પ્રેરી શકાતા નથી. હાલમાં જુદી–જુદી બ્લડ બન્ક દ્વારા કાલેજો અને મોટી શૈક્ષણિક સંસ્થાઓમાં રકતદાન શિબિર યોજી યુવાનોને રકતદાન માટે પ્રેરિત કરવામાં આવે છે. જે ખૂબ જ આવકારદાયક પગલું છે. જે લોકો રકતદાન કરવા માંગતા હોય તેમના લોહીનો સૌ પ્રથમ ટેસ્ટ કરવામાં આવે છે કારણ કે એ લોહીસુરક્ષિત છે કે નહિ તે ખૂબ જ અગત્યની બાબત છે. રકતદાન માટે મોટે ભાગે શિબિરો યોજવામાં આવે છે અથવા બ્લડ બેન્કમાં જઈને રકતદાન કરાતું હોય છે. આ સંજોગોમાં રકતદાન શિબિરમાં સલામત રકતદાન અંગેની પૂરતી વ્યવસ્થા કરવી જરૂરી છે. કેમ કે, કેટલીક વખત રકતદાતા બિનસલામત સોય કે તેવા કોઈ કારણથી ચેપી રોગનો ભોગ બની શકે છે. જો કે હવેના સમયમાં જાગૃતિનો ફેલાવો થતાં આવા કિસ્સા ખૂબ જ ઘટી ગયા છે. સમાજમાં કોઈ વિશિષ્ટ દિવસ, જન્મ દિવસ અથવા પ્રસંગની ઉજવણી પણ રક્દાન શિબિર દ્વારા કરવાનું ચલણ વધ્યુ છે. જે ખૂબ જ આવકાર્ય છે. આમ છતાં પણ સેના સહિયારા પ્રયાસો હજુ ઓછા પડે છે. જેમાં વધારો થાય અને જરૂરી સમયે રકત ન મળવાથી કોઈનું પણ મૃત્યુ ન થાય તેવી પરિસ્થિતિ સર્જાય તે જ આદર્શ સ્થિતિ કહી શકાય.– **મિત્તલ ખેતાણી (મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

એકે કાર્ટુન કેરેટરનું વેચાણ કર્યુ, બીજાએ ખરીદ કર્યુ

સાવરકુંડલા : સનરાઇઝ સ્કૂલમાં શાળા પ્રવેશોત્સવની પ્રેરણાદાયી ઉજવણી

વેચનાર બાળક અને લેનાર પણ બાળક

સાવરકુંડલા, તા. ૧૩

(પ્રતાપભાઈ ખુમાણ–સા.કુંડલા)

હાલમાં સારાયે ગુજરાતમાં શાળાઓમાં પ્રવેશોત્સવ ઉજવાઈ રહયો છે. જેમાં બાળકોને શાળામાં સ્વાગત સાથે આવકારવામાં આવે છે. જેનો હેતુ શિક્ષણને પ્રોત્સાહિત કરી બાળકો અને વાલીઓમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાનો છે.



સાવરકુંડલા સનરાઈઝ સ્કૂલમાં થોડી જુદી રીતે બાલ પ્રવેશોત્સવ ઉજવાયો. શહેરમાં રાજસ્થાનથી એક દંપતિ પોતાના નાના મોટા આઠ બાળકો સાથે રોજી રોટી કમાવવા આવ્યા છે. જેઓ બાળકોને ગમતા કાર્ટુન કેરેકટરના જુદા જુદા રમકડાઓ વેચી રહયા છે એક બાજુ પ્રવેશોત્સવ અને બીજી બાજુ જેણે પોતાના બાળપણથી પરિવાર માટે રોટી કમાવવા વહેલી સવારથી લોકશાળા (બજાર)માં રખડપટ્ટી કરવાની અને એ પણ અજાણ્યા મુલકમાં...! શિક્ષણ મેળવવાની વાત તો દુર રહી આ બાળકોએ તો શાળા જોઈ પણ નથી. ત્યારે સનારાઈઝ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી પ્રતાપભાઈ ખુમાણે, આ રાજસ્થાની પરિવારનાં બાળકને બોલાવી, તે બાળકના હાથે જ શાળાના લગભગ એકસો જેટલા ભૂલકાઓને વિવિધ કાર્ટુન કેરેકટર ભેટ અપાવ્યા. જેનાથી બંનેના ચહેરા ઉપર ખુશી છલકી ઉઠી.

જે બાળકને રમકડું મળ્યુ તે તો આનંદિત થયા પણ સાથોસાથ વેચનાર બાળકે પોતે કલ્પના પણ ન કરી હોય કે આખા અઠવાડિયાની કમાણી ઘડીકમાં અને એકજ જગ્યાએ થઈ જશે એટલે એના ચહેરા પર તો ખુશીનો કોઈ પાર ન હતો. પ્રતાપભાઈ ખુમાણે જણાવ્યું હતું કે, આ કાર્યથી મને એટલો આનંદ થાય છે કે જે એકાદ કરોડ દાન આપવાથી પણ ન મળે...!!

ગીરનાં અંતરિયાળ ગામ કરમદડી ખાતે શાળા પ્રવેશોત્સવ યોજાયો

ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. હાલ ગુજરાતમાં સંભવિત સાયક્લોન ‘બિપરજોય’ ના પગલે કેટલાક જિલ્લાઓમાં શાળા પ્રવેશોત્સવ–૨૩ કાર્યક્રમ સ્થગિત કરવામાં આવ્યો છે. જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને ધારી નજીક કરમદડી પ્રાથમિક શાળા ખાતે (ગીરના અંતરિયાળ ગામ) શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો હતો. બાલવાટિકામાં ૧૦ કુમાર, ૧૩ કન્યા સહિત ૨૩ ભૂલકાઓએ પા પા પગલી માંડી ઉપરાંત આંગણવાડીમાં ૬ કુમાર, ૬ કન્યા સહિત ૧૨ ભૂલકાઓએ પ્રવેશ કર્યો હતો. ભૂલકાઓએ શાળામાં હોંશે હોંશે પ્રવેશ કરીને શાળાના પરિસરને ધબકતું કર્યુ હતું. પ્રવેશપાત્ર તમામ બાળકોને સ્કૂલ કીટ વિતરણ કરવામાં આવ્યું હતુ. જિલ્લા કલેકટર દહિયાએ અહીં એસ.એમ.સી બેઠકને પણ સંબોધી હતી. ગ્રામજનો, પ્રાથમિક શાળા અને આંગણવાડીના વિવિધ પ્રશ્નો પણ સાંભળ્યા હતા. તેમણે વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે ખાતરી પણ આપી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર દહિયાએ જણાવ્યુ કે, વિશ્વના અનેક દેશ એવાં છે જેમણે કન્યાઓની કેળવણીને મહત્વ આપ્યું અને તેના કારણે એટલો મોટો બદલાવ આવ્યો કે તે તમામ દેશ આજે વિકસિત બન્યા. વધુમાં તેમણે કહ્યુ કે, દરેક બાળકીને શિક્ષણ આપવું જોઈએ. જેથી સામાજિક વિકાસના સ્તરમાં વધારો થાય અને રાષ્ટ્ર વધુ વિકસિત બની શકે. તેમણે ‘બેટી બચાવો–બેટી પઢાઓ’ અભિયાનનો પણ ઉલ્લેખ કર્યો હતો. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં કરમદડી ગામના અગ્રણીઓ, તલાટી કમ મંત્રી પરમાર, શાળાના આચાર્ય મહેશભાઈ વાઘેલા, શિક્ષકો સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વડિયાના બાંટવા દેવળી ખાતે કૌશિક વેકરિયાની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

અમરેલી, કુંકાવાવ, વડીયાના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને વડિયા તાલુકાના બાંટવા દેવળી ગામે પ્રાથમિક શાળા ખાતે ભુલકાઓનો શાળા પ્રવેશોત્સવ ઉજવાયો. જેમાં ૩૭ નવા બાળકો કે જેઓ પ્રાઈવેટ શાળામાં અભ્યાસ કરતા હતા તે છોડીને બાંટવા દેવળી ગામે પ્રાથમિક શાળામાં અભ્યાસ અર્થે એડમીશન મેળવ્યું. આ તકે ગુજરાત વિધાનસભા ના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા નાના નાના બાળકોની વચ્ચે જઈને બાળકો સાથે હસી મજાક કરી હતી. તો બીજી તરફ આંગણવાડી ખાતે પણ શાળા પ્રવેશોત્સવ ઉજવાયો હતો. જેમાં વડિયા, કુંકાવાવ તાલુકામાં આંગણવાડી પ્રવેશોતસવમાં ૪૦૬ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો. દરેક આંગણવાડીમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, જિલ્લા પ્રમુખ રેખાબેન મોવલિયા, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, જે. ડી. વાળા અને સંકલિત બાળવિકાસ યોજના અધિકારી, કાશ્મીરાબેન ભટ્ટ, પી.એસ ઈ. સોનમબેન તમામ આઈ.સી.ડી.એસ. સ્ટાફ દ્વારા આંગણવાડી પ્રવેશોત્સવમાં હાજરી આપી બાળકોને પ્રવેશ અપાવ્યો હતો. શાળા પ્રવેશોત્સવમાં મોટીસંખ્યામાં વાલીઓ અને ગામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે છેલ્લા ૨૦ વર્ષ થી ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ શાળ પ્રવેશોત્સવ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો તે આજે હાલના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ પણ ઉજવી રહ્યા છે. આ તકે વડિયા તાલુકાના બાંટવા દેવળી ગામે આજે શાળા પ્રવેશોત્સવ ઉજવાયો હતો. જેમાં જીલ્લા પંચાયત સભ્ય વિપુલભાઈ રાંક, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, તાલુકા પંચાયત દંડક તુષારભાઈ ગણાત્રા, પી.વી. વસાણી, પ્રશાંતભાઈ ત્રાડા, બાંટવા દેવળી સરપંચ યતિનભાઈ તેમજ ગામના દાતા એવા ભગવાનભાઈ રાણપરીયા ઉપસ્થિત રહ્યા હતા.

પરિષદનાં અગ્રણી ડો. ગજેરાની તંદુરસ્તી માટે

અમરેલીથી ભુરખિયા હનુમાન મંદિર સુધીની એ.એચ.પી.ની પદયાત્રા યોજાઈ

મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને આગેવાનો જોડાયા

અમરેલી, તા. ૧૩

સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડોકટર જી.જે. ગજેરાની તબિયત નાદુરસ્ત હતી અને તેમને અમદાવાદ ખાતે હોસ્પિટલ એક બાયપાસ સર્જરી કરવામાં આવેલી અને આ સમયે અમરેલી શહેર અને જિલ્લાભરનાં દરેક કાર્યકર્તા ભાઈઓ અને મહિલા ઓજસ્વી ગૃપ દ્વારા ભુરખીયા હનુમાનજી દાદાને પ્રાર્થના કરેલી અને ગજેરા એકદમ સ્વસ્થ થઈ ગયા.

જોકે ડો. ગજેરા ઉપર કંઈક ગરીબ દુખિયા અને દર્દીઓના પણ ખૂબ જ આશીર્વાદ પ્રાપ્ત થયેલ છે. એટલે અમરેલ તાલુકા અને શહેર ટીમ દાદાના ચરણોમાં વંદન કરવા માટે પગપાળા યાત્રા કરેલી. જેમાં વિભાગ ઉપાધ્યક્ષ દડુભાઈ ખાચર, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ જિલ્લા કાર્યકારી અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી, રાષ્ટ્રીય બજરંગ દળ જિલ્લા અધ્યક્ષ દિલીપભાઈ બામટા, જિલ્લા કાર્યો અધ્યક્ષ મજબૂતભાઈ બસિયા, જિલ્લા મંત્રી વિપુલભાઈ ગજેરા, શહેર અધ્યક્ષ જીગ્નેશભાઈ કયાડા, મંત્રી મહેશભાઈ લાડવા, ઉપાધ્યક્ષ હિતેશભાઈ જોશી, બાલમુકુંદ વાઢેર, લાલજીભાઈ ડાભી, શૈલેષભાઈ ડાભી રાજુભાઈ ચોટલીયા, નિલેશભાઈ ડાયાણી તેમજ ઘણા બધા કાર્યકરો આ યાત્રામાં જોડાયેલા આ યાત્રા પ્રઈસ્થાન કરાવવા માટે જિલ્લા અધ્યક્ષ ડોકટર દેસાણી ઈન્ડિયા હેલ્થ લાઈન જિલ્લા અધ્યક્ષ ડોકટર ગોંડલીયા તેમજ નિલેશભાઈ સોલંકી, જીલુભાઈ વાળા દ્વારા જય શ્રી રામના નાદ સાથે આ યાત્રાનું પ્રસ્થાન કરાવેલ આ કાર્યકરો વહેલી સવારે ૫:૦૦ વાગે ભુરખીયા દાદાની પ્રથમ આરતીનો લાભ લઈ ડોકટર ગજેરા જલ્દીથી સ્વસ્થ થઈ અને ગરીબોની સેવા અર્થે સક્ષમ થઈ જાય તેવી પ્રાર્થના સાથે હનુમાન ચાલીસા પાઠ પણ કરેલા તેમ જિલ્લા કાર્યકારી અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી દ્વારા જણાવવામાં આવેલ છે.

હાથસણી ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યાકેળવણી મહોત્સવની ઉજવણી

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલાના હાથસણી ગામે પ્રાથમિક શાળા સ્થિત શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવેલ.

જેમાં અમરેલી જિલ્લા બાંધકામ સમિતિ ચેરમેન પુનાભાઈ ગજેરા, સી. આર. સી. પટેલ, સરપંચ રમેશભાઈ ગોહિલ, ઉપસરપંચ હરેશભાઈ દેંગડા, પૂર્વ સરપંચ શિવરાજભાઈ ખુમાણ, બચુભાઈ ખુમાણ, વલ્લભભાઈ જીંજવાડીયા, અરજણભાઈ ભરવાડ, ચતુરભાઈ વાણીયા, સંજયભાઈ ગોહિલ, એસ. એમ. સી. કમીટી, પંચાયત સદસ્યો તથા વિશાળ સંખ્યામાં વાલીગણ ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પ્રા. શાળા શિક્ષક સ્ટાફ પરિવાર દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ.

વૃક્ષારોપણ દ્વારા કાર્યક્રમની શરૂઆત

સાવરકુંડલા ખાતે બાળકોનું નામાંકન દાખલ કરાવતા સાંસદ કાછડીયા

સ્માર્ટ કલાસનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું



અમરેલી, તા. ૧૩

સમગ્ર રાજયમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ની ઉજવણીનો પ્રારંભ થયેલ છે ત્યારે અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયાએ સાવરકુંડલા શહેરની બ્રાંચ પ્રાથમિક શાળા નં. ૧, ૨ અને ૫ ખાતે ઉપસ્થિત રહી બાળકોનું બાલવાટીકા, આંગણવાડી અને ધો. ૧ માં નામાંકન દાખલ કરાવેલ હતું. સાથે સાથે આ પ્રાથમિક શાળાઓમાં સરકારની યોજના જ્ઞાનકુંજ અંતર્ગત નિર્માણ પામેલ સ્માર્ટ કલાસનું લોકાર્પણ કરી શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરેલ હતું.

આ તકે સાંસદ નારણભાઈ કાછડીયાએ જણાવેલ હતુ કે, શિક્ષણને જનવ્યાપી અને સમરસ બનાવવાના શ્રેષ્ઠ અભિગમ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આજથી બે દાયકા પહેલા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ હતી. જેની આજે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે. આજે સમગ્ર ગુજરાતમાં નામાંકન દર ૯૯ ટકા થયેલ છે અને ડ્રોપ આઉટ રેશીયો ઘટીને ફકત ૦૨ ટકા જ રહયો છે ત્યારે આપણે સૌ સાથે મળી ડ્રોપ આઉટ રેશીયો ૦ ટકા થાય અને નામાંકન દર ૧૦૦ ટકા થાય તે માટેના પ્રયત્નો કરીએ તેવી સૌ સમક્ષ લાગણી છે. આ તકે જીલ્લા ભાજપ ઉપપ્રમુખ સુરેશભાઈ પાનસુરીયા, શહેર ભાજપ પ્રમુખ પ્રવિણભાઈ સાવજ, મહામંત્રીઓ વિજયસિંહ વાઘેલા, રાજુભાઈ નાગ્રેચા, જીલ્લા અનુ.જાતિ મોરચા પ્રમુખ કેશુભાઈ વાઘેલા, નગરપાલીકા પ્રમુખ પ્રતિનિધી રાજુભાઈ દોશી, શહેર ભાજપ ઉપપ્રમુખ પરાગભાઈ ત્રિવેદી, ભનુભાઈ ચોવટીયા સહીત નગરપાલીકાના સદસ્યો, આચાર્યો, શિક્ષકો અને વાલીઓ ઉપસ્થિત રહયા હતા.

ચલાલા : યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત હરિબા મહિલા કોલેજનો શુભારંભ

ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા સંચાલિત હરિબા મહિલા કોલેજનો આજથી શુભારંભ વૈદિક પરંપરા પ્રમાણે યજ્ઞના માધ્યમથી થયો હતો. જેમાં B.A., B.COM., B.C.A., અને B.P.E.S. માં એડમીશન મેળવેલ દીકરીઓએ યજ્ઞમાં આહુતિ આપી પ્રથમ દિવસની શુભ શરૂઆત કરી હતી. આ પ્રસંગે સંસ્થાના વડા પૂ. રતિદાદાએ દીકરીઓ ભણી ગણી ખુબ આગળ વધે એવા આશીર્વાદ આપ્યા હતા આ વિસ્તાર માટે આશીર્વાદરૂપ આ કોલેજ બંધાવી આપનાર દાતા કનુભાઇ તેજુરા તથા હંસાબેન તેજુરાનો આભાર માન્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા હરિબા મહિલા કોલેજના પ્રોફેસરોએ સહયોગ આપ્યો હતો.

અમરેલી ખાતે બ્રહ્માકુમારીઝ સંસ્થા દ્વારા ''વોક ફોર પીસ''નું આયોજન થયું

WALK FOR PEACE
યુવા કા યે પૈગામ, નવ ભારત કા હો નિર્માણ
Parul University
NAAC A++ HAI TOH BEST HAI

બ્રહ્માકુમારીઝ સંસ્થા છેલ્લા ૮ દાયકાથી વિશ્વમાં મૂલ્યોની પુનઃસ્થાપના કરી નવ વર્ષના નિર્માણના કાર્યમાં સતત સેવારત છે. વૈશ્વિક સ્તરે ૫૦૦૦ થી વધુ સેવા કેન્દ્રોના બહેનો સંગઠનથી થતી ૫ ખંડોમાં દરેક વર્ગની સેવા થઈ રહી છે. બ્રહ્માકુમારીઝની રાજયોગ એજયુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન યુવા પ્રભાગ દ્વારા ૧૯૮૫ થી ભારત વર્ષના યુવાઓની સેવા અર્થે દર વર્ષે સંમેલન, કાર્યશાળા, અભિયાન, યાત્રા પ્રદર્શની, આધ્યાત્મિક પાર્લામેન્ટ કાર્યક્રમ યોજે છે. યુવા પ્રભાગ દ્વારા સીનીયર સીટીઝન પાર્કથી ૧૧ જૂન રવિવારના સવારના ૬ કલાક યુવા શકિતકરણ માટે ''વોક ફોર પીસ''ની યાત્રામાં અમરેલીની વિદ્યાસભા, દિપક હાઈસ્કુલ, નૂતન સ્કુલ, સરસ્વતી સ્કુલના ૨૫૦ થી વધારે યુવા ભાઈ–બહેનોને બ્રહ્માકુમારીઝ અમરેલીના સંચાલિકા ગીતાદીદીએ તથા વિજયભાઈ મહેતા તથા સાહસભાઈ ઉપાધ્યાયે લીલી ઝંડી આપી શરૂઆત કરાવેલ. આ રેલી સીનીયર સીટીઝન, કોલેજ સર્કલ, મોટા બસ સ્ટેન્ડ, રાજકમલ ચોક, નાગનાથ મંદિર થઈ સીનીયર સીટીઝન પાર્ક ખાતે પૂર્ણ કરેલ આ વોક દરમ્યાન આધ્યાત્મિક ગીતો, સ્વર્ણિમ ભારત બનાને શાંતિ દૂત ચલે. મન મે ઉમંગ દિલ મે તરંગ લેકે આજકા યુવા કલકા દેવતા ના નારા લગાવેલ આ વોકનું કુશળ નેતૃત્વ બ્ર. કુ. કિંજલબેને પુરૂ પાડેલ. આ કાર્યક્રમમાં જોડાયેલ તમામ યુવાઓને પ્રમાણપત્ર બ્ર. કુ. ગીતાદીદીના હસ્તે આપવામાં આવેલ.

પાના ૧ ઉપરનું ચાલું

અમરેલી જિલ્લાની શાળાઓમાં

પગલાંઓ ભરવામાં આવ્યા છે. જિલ્લાના વિકટર અને જાફરાબાદ બંદર પર તા. ૧૩ જુન બપોરની સ્થિતિએ ૦૩ નંબરનું સિગ્નલ લગાડવામાં આવ્યું છે. મત્સ્યઉદ્યોગ વિભાગ દ્વારા માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે. આ સાથે એક પણ નવું ટોકન આપવામાં આવ્યું નથી. જાનહાનિ અને માલને નુકશાન ન થાય તે માટે કાંઠા વિસ્તારમાં ઉચિત પગલાં ભરવામાં આવ્યા છે. રાજુલા–જાફરબાદ તાલુકાઓના ૨૯ ગામોમાં જરૂરિયાત મુજબ સલામત સ્થળે લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. પંચાયત, મહેસુલ અને પોલીસ વિભાગ દ્વારા સર્વે કરી અને કાચા અને ભયજનક મકાનોમાંથી લોકોને સલામત સ્થળે ખસેડી અને તેમના માટે ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ બંને તાલુકાની સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા અને સુચારૂં આયોજન માટે અધિક કલેકટર પટણીને જવાબદારી સોંપવામાં આવી છે. અમરેલી જિલ્લાની પ્રાથમિક– માધ્યમિક શાળાઓમાં બે દિવસ રજા જાહેર કરવામાં આવી છે.

જિલ્લા કલેકટરે ઉમેર્યુ કે, જિલ્લામાં સલામતીના ભાગરૂપે જિલ્લાની તમામ પ્રાથમિક–માધ્યમિક શાળાઓમાં આગામી તા. ૧૪ અને તા. ૧૫ જુનની રજા જાહેર કરવામાં આવી છે. વધુમાં આગામી સ્થિતિને ધ્યાને લઈને નિર્ણય કરવાનું આયોજન છે. જોખમી હોર્ડિંગ્સ ઉતારી લેવામાં આવ્યા છે. રોડ–રસ્તા પૂર્વરત કરવા તૈયારીઓ સાથે વન વિભાગ તેમજ માર્ગ અને મકાન વિભાગ તૈનાત છે. જિલ્લામાં માર્ગ–મકાન રાજય અને પંચાયત હસ્તકના તમામ હોર્ડિંગ ઉતારી લેવામાં આવ્યા છે. આ સાથે જ વન વિભાગ, પીજીવીસીએલ, માર્ગ અને મકાન વિભાગના સંયુકત સંકલનથી જિલ્લામાં કયાંય પણ રોડ, રસ્તા ઝાડ પડી જવાથી બંધ થાય તો તેને તુરંત જ પૂર્વરત કરવા માટે આગોતરૂં આયોજન કરવામાં આવ્યું છે. આ માટે જરૂરી સાધન સામગ્રીની સમીક્ષા કરી અને તેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. વીજ–અન્ન પુરવઠો અને સ્વાસ્થ્ય અંગેની તકેદારી રાખવામાં આવી છે. જિલ્લામાં વીજ પુરવઠો ખોરવાય તો તેને પૂર્વરત કરવા માટે આગોતરૂ આયોજન કરવામાં આવ્યું છે. જરૂરી સલામત સ્થાનો પર અન્ન અને પાણી પુરવઠો પણ પહોંચી રહે તેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સ્વાસ્થ્ય વિભાગ દ્વારા સગર્ભા બહેનોને સલામત સ્થળે ખસેડવા અને દવાઓનો જરૂરી જથ્થો ઉપલબ્ધ રાખવામાં આવ્યો છે. વન્ય પ્રાણીઓ અને નેસના રહેવાસીઓ માટે આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લામાં વનવિભાગ દ્વારા નેસમાં રહેતા માલધારીઓના સ્થળાંતર માટે વ્યવસ્થાઓ ગોઠવી દેવામાં આવી છે. આ સાથે આંબરડી સફારી પાર્ક અને જસાધાર એનિમલ કેર હોસ્પિટલ ખાતે સ્ટાફ સાથે જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે.

શિયાળબેટ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. જિલ્લા કલેકટરે ઉમેર્યુ કે, અમરેલી જિલ્લાના ટાપુ શિયાળબેટના રહેવાસીઓ માટે સ્થાનિક સંપ મારફતે પીવાનું પાણી મળી રહે તે માટે પૂરતી વ્યવસ્થા છે. બોટની ફેરી સર્વિસ બંધ કરી દેવામાં આવી છે. બેટ પર મોબાઈલ ટાવર માટે જનરેટર સેટની સુવિધા ઉપલબ્ધ છે. આ ઉપરાંત સંપર્ક માટે વાકીટોકી સેટની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. તંત્ર દ્વાર આરોગ્ય સંબંધી સુવિધાઓની ખાતરી પણ કરવામાં આવી છે. નાગરિકોએ ગભરાવવાની જરૂર નથી. જિલ્લાના નાગરિકોને સંદેશો આપતા કલેકટરે ઉમેર્યુ કે, અમરેલી જિલ્લામાં નાગરિકોએ ગભરાવવાની જરૂર નથી. તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવું. વૃક્ષની નીચે ન રહેવું, વીજળી પડવાની સંભાવનાઓને ધ્યાને લેતા ઘરની ભીની દીવાલો પાસે ન રહેવું કે ખુલ્લામાં કે ખેતરમાં જવાનું ટાળવું.

પાના ૮ ઉપરનું ચાલું

રાજુલાનાં વાવેરા રોડ પર

તેમની ટીમને મોકલી આપેલ અને આ વૃક્ષને હટાવવાની કામગીરી શરૂ કરી આ રસ્તો ખુલ્લો કરવામાં આવેલો ત્યારબાદ રાજુલાનાં ડેપ્યુટી કલેકટરે રેન્જ ફોરેસ્ટ ઓફિસર એસ.એમ. મકરાણીને આ બાબતે સૂચના આપવામાં આવેલ કે સંભવિત વાવાઝોડું આવે તો વધુ નુકસાન ના થાય તે માટે ફોરેસ્ટ અધિકારીની સૂચનાથી રાજુલા વનપાલ અને તેમની ટીમ દ્વારા મહાકાય વૃક્ષને રોડ પરથી ખસેડવાની કામગીરી કરી મુખ્ય માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો. વાહનવ્યવહાર પૂર્વવત કરાયો. આ સિવાય હિંડોરણા રોડ ઉપર પણ કલેકટરની સૂચનાણી બે મોટા મહાકાય વૃક્ષોને રોડ પરથી હટાવવાની કામગીરી પણ કરવામાં આવી ત્યારે હાલ સાઈકલોન સામે તંત્ર તમામ બાબતે કટિબધ્ધ હોવાનું જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

મોટા માંડવડા ગામે ઘરમાં

વાગ્યાનાં સમયે પોતાના ઘરે કામ કરતા હોય. ત્યારે વરસાદનાં કારણે તેણીનાં ઘરમાં તથા બજારમાં પાણી ભરાયા હોય તથા ઘર નજીક જીઈબીનો થાંભલો હોય જેથી આ થાંભલા અથવા તો કોઈ ઈલેકટ્રીક પાવરનાં અર્થિંગનાં કારણે મહિલાને ઈલેકટ્રીક શોક લાગતા મૃત્યુ થયાનું અમરેલી તાલુકા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

બિપોરજોય દરિયાકાંઠાના

વિસ્તારોમાં ૭૭ મીમી નોંધાયા સાથે કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાયો હતો. એકંદરે, સોમવારે સાંજે ૬ વાગ્યા સુધીમાં ૫૭ તાલુકાઓમાં 1mm કે તેથી વધુ વરસાદ નોંધાયો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને પોર્ચ મિનિસ્ટર સર્બાનંદ સોનોવાલે તૈયારીનું મૂલ્યાંકન કરવા માટે ગુજરાતના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. કેન્દ્ર સરકાર દ્વારા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે વડાપ્રધાને વરિષ્ઠ અધિકારીઓને રાજય સરકાર દ્વારા સંવેદનશીલ સ્થળોએ રહેતા લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવે તે સુનિશ્ચિત કરવા અને તમામ આવશ્યક સેવાઓ જેમ કે પાવર, ટેલિકોમ્યુનિકેશન, વગેરેની જાળવણી સુનિશ્ચિત કરવા માટે દરેક સંભવિત પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો. આરોગ્ય, પીવાનું પાણી, વગેરે, અને તેમને થયેલા નુકસાનની સ્થિતિમાં તરત જ આ પ્રાથમિક સુવિધાઓને પુનઃસ્થાપિત કરવામાં આવે એની વ્યવસ્થાની ખાતરી કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વરિષ્ઠ અધિકારીઓ સાથે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે બેઠક બોલાવી હતી. સોમવારે સાંજ સુધીમાં ૩,૨૪૩ સોલ્ટ વર્કર્સ સહિત ૬,૮૨૭ લોકોને ચક્રવાતથી સૌથી વધુ અસર થવાની ધારણા ધરાવતા આઠ જિલ્લાઓમાં દરિયાકાંઠાના વિસ્તારોમાંથી સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા. રાજયના સમગ્ર વિસ્તારમાં વ્યૂહાત્મક રીતે સ્થિત માર્ગ અને મકાન, વીજળી અને આરોગ્ય વિભાગની ટીમો સાથે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ૨૧ ટીમો અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ૧૩ ટીમો તૈનાત કરી દેવાઈ છે.

અવસાન નોંધ

અમરેલી : રામપર નિવાસી હાલ અમરેલી સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ ભીખુભાઈ હરખજીભાઈ દવે (ઉ.વ.૮૦)તે ભરતભાઈ (અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક) પંકજભાઈ (પટેલ સંકુલ, અમરેલી) હર્ષાબેન જગદીશકુમાર મહેતા તથા આશાબેન સંજયકુમાર મહેતાના પિતા તથા પુજા બ્રહમદત રાવલ, દર્શન,ઓમના દાદા તેમજ હિરેન, પાર્થ, વેદાંશી, રૂષિલના નાનાનું દુઃખદ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૧૬, શુક્રવારે સમય સાંજે ૪ થી ૬ ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગ, અમરેલી ખાતે રાખેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

અમરેલીમાં ગત રવિવારે

જનારને પકડી રાખી રાકેશભાઈએ ફરી વાર મરણજનારને સાથળના ભાગે બે છરીના ઘા મારી મોત નિપજાવી આરોપીઓએ ગુન્હાને અંજામ આપી નાસી ગયેલ હોય.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહએ જીલ્લામાં બનતા ખુન જેવા ગંભીર ગુનાઓને અંજામ આપી નાસી જનાર આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપેલ હોય. જે અન્વયે નાયબ પોલીસ અધિક્ષક જે.પી. ભંડારીએ ત્વરીત બનાવ સ્થળે પહોંચી આરોપીઓને પકડવા સારૂ જરૂરી માર્ગદર્શન આપેલ હોય. અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. ડી.વી. પ્રસાદ તથા પોલીસ સબ ઈન્સ. આર.એચ. રતન દ્વારા આરોપી અંગે યોગ્ય તપાસ કરી અને હ્યુમન સોર્સ દ્વારા આરોપીઓ અંગે જાણકારી મળેલ કે, આરોપીઓ અમરેલી બહારપરા, ગાયત્રી મોક્ષ ધામની પાછળ આવેલ નદીમાં આવેલ બાવળની કાંટમાં કયાંક છુપાયેલા હોય. જેથી નદીમાં જવા સારૂ અલગ–અલગ ટીમો બનાવી કામનાથ મહાદેવ મંદિર તથા રેલ્વે બ્રીજના બન્ને છેડા તરફથી મોક્ષધામની પાછળ આવેલ નદીના પટ્ટમાં બાવળની કાંટમા ચારે બાજુથી કોર્ડન કરી સર્ચ કરવામાં આવેલ હોય અને આશરે ત્રણેક કલાકની શોધખોળ બાદ આરોપીઓને પકડી પડવામાં આવેલ હોય અને આગળની તપાસ પોલીસ સબ ઈન્સ. આર.એચ. રતન ચલાવી રહેલ છે.

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

લીલીયા પ્રગતિ કો.ઓ. સોસાયટી દ્વારા દિલીપભાઈ સંઘાણીનાં ૭૦માં જન્મ દિવસની અનોખી ઉજવણી

સહકાર શિરોમણી દિલીપભાઈ સંઘાણીનાં ૭૦માં વર્ષની જન્મદિવસની ઉજવણીનાં ભાગરૂપે પ્રગતિ ક્રેડિટ કો.ઓપરેટિવ સોસાયટી લીલીયા દ્વારા આ વર્ષ દરમિયાનની ૧૨ તારીખે ૧૨ સેવાકીય પ્રવૃતિનું આયોજન કરેલ. એના ભાગરૂપે તા.૧૨/૬/૨૩નાં રોજ પ્રથમ કાર્યક્રમ વિદ્યાર્થીઓને નોટબુક વિતરણનું આયોજન કરેલ. લીલીયા તાલુકાના ૧૨૦૦ બાળકોને નોટબુક આપીને અનોખી રીતે દિલીપભાઈ સંઘાણીનાં ૭૦માં વર્ષની જન્મદિવસની ઉજવણી કરવામાં આવેલ. શ્રી પ્રગતિ ક્રેડિટ સોસાયટીએ એના નવ નિર્મિત ભવનને દિલીપ સંઘાણી સહકાર ભવન નામ આપીને દિલીપભાઈ સંઘાણીને જન્મદિવસની ભેટ આપેલ. આ તકે લીલીયા પ્રગતિ કો. ઓ.નાં ચેરમેન અને ઈફકોનાં ડિરેકટર ભાવેશભાઈ રાદડિયા, વાઈસ ચેરમેન પ્રકાશભાઈ વિરાણી, ડિરેકટર વિપુલભાઈ દુધાત, ડાયમંડ એસોસિએશનનાં પ્રમુખ અને ડિરેકટર ભુપતભાઈ ધામત તેમજ ભરતભાઈ ગરાણીયા, ધાનાણી, આર.બી. ભાલાળા, કુંભાણી, ભીખાભાઈ ધોરાજીયા, ઘનશ્યામભાઈ રાદડીયા તેમજ અમૃતબા વિદ્યાલયનાં આચાર્ય હસમુખભાઈ કરડ સહિતનાં લોકો બુક વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ.

વાવાઝોડાનાં કપરાકાળમાં માલિકોનાં પશુઓ પક્ષીઓ સાથે બિનવારસી પશુ–પક્ષીની કાળજી જરૂરી

પશુપાલકોએ વરસાદ, પવન, અતિવૃષ્ટિ કે વાવાઝોડાની વર્તમાનપત્રો, ટી.વી., રેડીઓ વગેરે માધ્યમોમાં સરકાર દ્વારા આપવામાં આવતી ચેતવણી કે આગાહી બાબતે હંમેશા સતર્ક રહેવું જોઈએ. વરસાદ સમયે પશુપાલકોએ પોતાની માલિકીનાં પશુઓને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવા જોઈએ અને તેમને ખવડાવવા માટે સૂકા ઘાસચારાનો પર્યાપ્ત સંગ્રહ અગાઉથી યોગ્ય જગ્યાએ કરી રાખવો જોઈએ. પશુઓને રાખવાની જગ્યા શકય એટલી ઉંચાણવાળી અને કાદવ કીચડ ન થાય તેવી પસંદ કરવી જોઈએ. પશુઓની સંભાળ રાખવા વિવિધ તકેદારીઓ પણ રાખવાની હોય છે.

જેમ કે ભારે વરસાદ, પૂર વાવાઝોડા વખતે પશુઓને સાંકળ દોરીથી ખીલે બાંધી રાખવા નહીં, કારણ કે બંધન મુકત પશુપોતાની રીતે સલામત સ્થળે જઈ સ્વબચાવ કરી શકે છે. ભારે વરસાદ, આકાશી વીજળી કે કુદરતી આપત્તિનાં કોઈ પણ કારણસર પશુમરણ થાય ત્યારે સ્થાનિક ગ્રામ પંચાયતને તેમજ નજીકનાં પશુ દવાખાનાને સત્વરે જાણ કરવી જોઈએ તેમજ મૃત પશુઓ માટે ઊંડો ખાડો ખોદી રાસાયણિક પાઉડરનો છંટકાવ કરી વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવો જોઈએ, આસપાસના પશુચિકિત્સકોની ફોન નંબર સાથેની માહિતી હાથવગી રાખવી, પશુધન માટે સૂકાચારા તથા સ્વચ્છ પાણીનો પૂરતા પ્રમાણમાં યોગ્ય સ્થળે સંગ્રહ કરવો, પશુઓને ઝાડ, છાપરા નીચે, જર્જરીત રહેઠાણ કે દીવાલ નજીક રાખવા નહીં, પશુધનને વિજળી થાંભલા પાસે/સાથે બાંધવા નહીં, ઘેટાં, બકરાં, મરઘાં જેવા પશુ–પક્ષીઓ ગુંગળાઈ ન જાય તે માટે તકેદારી રાખવી, ઘેટાં, બકરાં, મરઘાં જેવા પશુ–પક્ષીઓ ગુંગળાઈ ના જાય તે માટે તકેદારી રાખવી જોઈએ, બિમાર પશુઓની નજીકનાં 'પશુ સારવાર કેન્દ્ર' ખાતે તાત્કાલિક સારવાર કરાવવી જોઈએ, ગામમાં ચેપી રોગચાળા જેવી પરિસ્થિતિની જાણ નજીકના પશુ દવાખાના ખાતે તુરંત કરવી જોઈએ, આફત સમયે પશુ રહેઠાણમાં ઝેરી જીવજંતુની ચકાસણી કર્યા બાદ જ પશુઓને રાખવા જોઈએ.

વાવાઝોડુ કે વંટોળ પશુપાલન વ્યવસ્થા માટે નુકશાનકારક છે, કારણ કે વાવાઝોડા કે વંટોળથી પશુ આહાર ભીનો થઈ જાય છે વળી ઝાડની ડાળી કે આખુ ઝાડ ઘાસચારા પર પડે છે, ત્યારે આવો ઘાસચારો પશુને ખવડાવવા જેવો રહેતો નથી. આવી કોઈ પણ પરિસ્થિતી પશુપાલકો માટે ચિંતા ઉપજાવે છે. ભીંજાયેલા અનાજનાં દાણામાં ફુગ લાગવાની શકયતા વધુ છે.

તદ્ઉપરાંત તે જલદી સળગી પણ ઉઠે છે એટલે સુકાદાણાને અલગ કરી ભેજ રહિત જગ્યાએ સંગ્રહ કરવો અને ભેજરહિત અનાજના દાણા પશુને ખવડાવવા જોઈએ. બિનવારસી પશુ, પક્ષીઓની ચિંતા, કાળજી પણ આસપાસનાં લોકોએ કરવી જોઈએ. આપત્તિનાં સમયમાં તમામ પશુ, પક્ષીઓ – જીવસૃષ્ટિ માટે ખોરાક, પાણી, આવાસ, સારવારની વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરવી જોઈએ, કરવામાં સહકાર આપવો જોઈએ. સામાન્ય રીતે એવું જોવા મળે છે કે પક્ષીઓ વૃક્ષ પર માળા બનાવીને રહેતા હોય છે, ઘણીવાર તેમના નાના નાના બચ્ચાઓ પણ એ માળામાં રહેવાસ કરતા હોય છે. કુદરતી આફતો સમયે જોરથી પવન ફૂંકાવા કે અતિવૃષ્ટિની સંભાવના રહેતી હોય ત્યારે પક્ષીઓનાં માળા ઝાડ પરથી પડી જવા, તેમના બચ્ચાઓને નુકસાન થવું વગેરે જેવી ઘટનાઓ બનતી હોય છે. આવા સમયે તેમની તકેદારી રાખવી જોઈએ. તેમને જરૂરી ખોરાક, પાણી અને સારવાર મળે તેની વ્યવસ્થા કરવી જોઈએ. આફત સમયે ન્યુઝ ચેનલ્સ, અખબાર, રેડિયો અને કોઈ સરકારી માપ્રયમથી મળેલ સૂચનાઓનો અમલ કરવો અનેઅફવાઓથી દૂર રહેવું. : **માહિતી સંકલન** :

મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સેન્ટર
અમરેલી જિલ્લાનાં વિવિધ કંટ્રોલરૂમ સંપર્ક નંબર

ક્રમ	તાલુકાનું નામ	સંપર્ક નંબર
૧	જીલ્લા કન્ટ્રોલરૂમ, અમરેલી	૦૨૭૯૨–૨૩૦૭૩૫
૨	પોલીસ કન્ટ્રોલરૂમ, અમરેલી	૦૨૭૯૨–૨૨૩૪૯૮
૩	નગરપાલિકા કન્ટ્રોલરૂમ, અમરેલી	૦૨૭૯૨–૨૨૩૫૯૨
૪	ફાયર	૧૦૧
૫	અમરેલી તાલુકા કન્ટ્રોલરૂમ	૦૨૭૯૨–૨૨૩૨૨૫
૬	બાબરા તાલુકા કન્ટ્રોલરૂમ	૦૨૭૯૧–૨૩૩૨૩૪/૨૩૩૪૨૨
૭	બગસરા તાલુકા કન્ટ્રોલરૂમ	૦૨૭૯૬–૨૨૨૧૯૪
૮	ધારી તાલુકા કન્ટ્રોલરૂમ	૦૨૭૯૭–૨૨૫૦૧૫
૯	જાફરાબાદ તાલુકા કન્ટ્રોલરૂમ	૦૨૭૯૪–૨૪૫૪૩૬
૧૦	ખાંભા તાલુકા કન્ટ્રોલરૂમ	૦૨૭૯૭–૨૬૦૫૨૮
૧૧	લાઠી તાલુકા કન્ટ્રોલરૂમ	૦૨૭૯૩–૨૫૦૫૪૨
૧૨	લીલીયા તાલુકા કન્ટ્રોલરૂમ	૦૨૭૯૩–૨૩૬૫૩૮
૧૩	રાજુલા તાલુકા કન્ટ્રોલરૂમ	૦૨૭૯૪–૨૨૨૦૧૩
૧૪	સાવરકુંડલા તાલુકા કન્ટ્રોલરૂમ	૦૨૮૪૫–૨૨૪૨૦૦
૧૫	વડિયા તાલુકા કન્ટ્રોલરૂમ	૦૨૭૯૬–૨૭૩૩૮૮

સાવરકુંડલાનું રતન દેવીબેન પટ્ટણી (સૌરાષ્ટ્રની સિંહણ)

સાવરકુંડલા, તા. ૧૩

શ્રી દેવીબેન પટ્ટણીનો જન્મ સાવરકુંડલામાં થયો હતો. તેમને બાળપણથી જ માતા–પિતા પાસેથી ઉચ્ચ સંસ્કારોનું સિંચન થયું હતું. દેવીબેનના પિતા પ્રભુલાલ પટ્ટણી સ્વાતંત્ર્યની લડતમાં જોડાયા હતા જેથી ઘરનું વાતાવરણને રાષ્ટ્રીય રંગે રંગાયું હતું. તેણીએ પ્રાથમિક શિક્ષણ સાવરકુંડલામાંથી પૂર્ણ કર્યું હતું.

ઈ.સ. ૧૯૩૦માં ધોલેરાના મીઠા સત્યાગ્રહમાં જોડાયા હતા. સત્યાગ્રહ શરૂ થયો ત્યારે લોકોમાં ઉત્સાહ જબરો હતો પણ સમય વિતતાં લોકોમાં ઉત્સાહ ઘટવા લાગ્યો એવા કટોકટીના સમયે દેવીબેને ધોલેરા સત્યાગ્રહમાં તેરમા સરદારની જવાબદારી આવી પડી હતી. માત્ર અઠયાવીસ(૨૮)વર્ષની યુવાન વયે એમણે ધોલરા સત્યાગ્રહનું નેતૃત્વ પૂરું પાડેલું. દેવીબેને ધંધુકા અને ધોળકા તાલુકામાં રણચંડીની માફક પોતાની ધારદાર વાણીથી નવો ઉત્સાહ પેદા કર્યો હતો. દેવીબેનના નેતૃત્વના કારણે સ્વાતંત્ર્ય સૈનિકોનો ઉત્સાહ વધ્યો હતો. એ સમયે અંગ્રેજ સરકારે ગાંધીજીની ધરપકડ કરી હતી. ગાંધીજીએ પણ દેવીબેનના અપ્રિતમ શૌર્યથી પ્રભાવિત થઈને ' 'સૌરાષ્ટ્રની સિંહણ'' કહી બિરદાવ્યા હતા. દેવીબેનને સત્યાગ્રહી ટુકડીનું સફળ નેતૃત્વ કરી, મીઠાના કાયદાના ભંગ બદલ પકડી લેવામાં આવ્યા હતા અને સાત માસની જેલની સજા કરવામાં આવી હતી.

ઈ.સ.૧૯૩૨માં ફરી મીઠા સત્યાગ્રહમાં જોડાયા અને સમગ્ર ટુકડીની નેતાગીરી કરી હતી. ધોલેરા, રાણપર, ધોળકા, ધંધુકા વગેરે સ્થળોએ સ્ત્રીઓને જાગૃત કરી, આઝાદીની લડતમાં બહેનોને જોડી અને સ્ત્રી શકિતનો પરચો સરકારને દેખાડયો હતો. દેવીબેનની રાણપરથી ધરપકડ કરવામાં આવી હતી. તેમને છ માસની સખત કેદની સજા થઈ હતી, જે સાબરમતી જેલમાં ભોગવી હતી. ઈ.સ.૧૯૪૨માં 'હિંદ છોડો' આંદોલનમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. ઈ.સ. ૧૯૪૭માં ભારત આઝાદ થતાં બહેનો સાથે રહી રાષ્ટ્રીય ગીતો ગાઈ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરી હતી. ભારત આઝાદ થતાં સાથી સ્વાતંત્ર્ય સૈનિકો તેમની હાજરી હોય ત્યાં ઉભા થઈને તેમને માન આપતા. સ્વાતંત્ર્ય સૈનિક ગુણવંતભાઈ પરોહિતે તેમના વિશે કહ્યું હતું કે' દેવીબેન આઝાદીની લડાઈમાં ભાગ લેવા માટે ઉદમ્ય ઉત્સાહ પુરો પાડતા હતા. 'તેમના આગઝરતાં ભાષણો અમને પરતંત્રતાની બેડી તોડવા સક્ષમ બનાવતા હતા. દેવીબેન પટ્ટણીએ આઝાદી બાદ સાવરકુંડલામાં રહી, ખાદી, ગ્રામોઉદ્ધાર, સ્વચ્છતા, આરોગ્ય અને લોકહિતાર્થના કાર્યો કરતા રહ્યા. દેવીબેનનું ઈ.સ.૨૦૦૫માં ૧૦૨ વર્ષની ઉંમરે નિધન થયું હતું.

– પ્રસ્તુતિ : મનીષભાઈ બી. વિંઝુડા

ચાંચ ગામે જીલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

અમરેલી, તા. ૧૩

શિસ્ત સહિતની માળખાકીય સુવિધાઓ સુદઢ કરવાના હેતુ સાથે અમરેલી જીલ્લાના અંતરિયાળ વિસ્તાર એવા રાજુલા તાલુકાના ચાંચ ગામે જીલ્લા વિકાસ અધિકારી દિનેશ રમેશ ગુરવના અધ્યક્ષ સ્થાને કન્યા કેળવણી મહોત્સવ તેમજ શાળા પ્રવેશોત્સવનો શુભારંભ કરાયો. જેમા ચાંચ ગામમા ૩ સ્કૂલમા ટોટલ ૬૫ બાળકોને શાળા પ્રવેશ આપી ગત વર્ષે શ્રેષ્ઠ પરિણામ લાવનાર શાળાના વિદ્યાર્થીઓનુ સન્માન કરવામાં આવેલ. શાળા પ્રવેશોત્સવમા શાળાની બાળાઓ દ્વારા બેટી બચાવો બેટી પઢાઓ ઉપર વકતવ્ય રજૂ કરતા કાર્યક્રમની શોભા વધારેલ સાથે સાથે બાલવાટીકા તેમજ ધોરણ ૧ મા પ્રવેશ કરનાર બાળકોને દફતર કીટ આપવામાં આવેલ તેમજ ગ્રામજનોના પ્રેરકબળથી બાળકો સારા નાગરિકો, ભારતના ઘડવૈયા બની રહે તે માટે જીલ્લા વિકાસ અધિકારી દિનેશ રમેશ ગુરવ દ્વારા પ્રવેશ મેળવતા બાળકોને શુભકામનાઓ પાઠવી પોતાના અનુભવો વર્ણવ્યા હતા તેમજ સ્કૂલના ગ્રાઉન્ડમા વૃક્ષારોપણ કરાયું હતું. આ કાર્યક્રમમા જી.એચ.સી.એલ.ના રમેશભાઈ મકવાણા, કોટેચા, લાયઝન અધિકારી કાળુભાઈ વાઘ, પંચાયત સદસ્ય અને પૂર્વ સરપંચ સહિના ઉપસ્થિત રહેતા કાર્યક્રમને સફળતાપૂર્વક પૂર્ણ કરેલ. તાલુકા હેલ્થ ઓફિસર ડો.એન.વી. કલસરીયાના જણાવ્યા અનુસાર શાળા પ્રવેશોત્સવ નિમિતે બાળકોના વજન અને ઉંચાઈ સહિતની આરોગ્ય તપાસણી, લોહીની ટકાવારી અને બ્લડ ગ્રુપની તપાસણી, ઓઆરએસ કોર્નર દ્વારા દ્રાવણ બનાવવાની પદ્ધતી, સઘન ઝાડા નિયંત્રણ કાર્યક્રમ વિશે માહિતી આપી જીલ્લા વિકાસ અધિકારીના હસ્તે શાળા આરોગ્ય કાર્ડનું વિતરણ કરી શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ. જેમા આરબીએસકે ડોકટરોની ટીમ અને આરોગ્ય સ્ટાફ જોડાયો હતો. બીપોરજોય વાવાઝોડા અંતર્ગત જીલ્લા વિકાસ અધિકારી દ્વારા ચાંચ ગામના દરિયાકાઠાની મુલાકાત કરી પરિસ્થિતિનો તાગ મેળવી શેલ્ટર હોમ, હોર્ડિંગ્સ અને બેનર ઉતારવાની કામગીરી તેમજ જરૂર પડયે લોકોના સ્થળાંતર સહિતની કામગીરીની સમિક્ષા તલાટી કમ મંત્રી ભરતભાઈ કલસરીયા, સરપંચ તેમજ ગ્રામજનો પાસેથી કરી તંત્રને જરૂરી સૂચના આપેલ જે યાદીમાં જણાવેલ છે.

જિ.પં. નાં પ્રમુખ રેખાબેન મોવલીયાનાં અધ્યક્ષ સ્થાને

કુંકાવાવ : અમરાપુર ખાતે પ્લોટ શાળામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

૧૮ બાળકોને શાળામાં પ્રવેશ અપાયો

કુંકાવાવ, તા. ૧૩

કુંકાવાવનાં અમરાપુર ખાતે બીબીએ/બી.સી.એ. કોલેજ સભાખંડમાં બન્ને શાળાઓનો પ્રવેશોત્સવ–૨૦૨૩ દબદબાભેર ઉજવવામાં આવ્યો. આ તકે ધો.૧ તથા બાલવાડીમાં પ્રવેશપાત્ર ૧૮ બાળકોને હરખભેર આવકારી પ્રવેશ આપવામાં આવ્યો. સાથે સાથે આંગણવાડીનાં ૧૫ બળાકોને પણ પ્રવેશ અપાયો.

બધા જ બાળકોને પ્રમુખ રેખાબેન મોવલીયા તથા લાયઝન અમીતભાઈ કરકર, સરપંચ મગનભાઈ કાનપરીયા, શિક્ષણપ્રેમી ઉપસરપંચ જેઠુરભાઈ વાળા, માજી સરપંચ સુખાભાઈ વાળા વિગેરે મહાનુભાવોએ શૈ.કીટ વિતરણ કરી પ્રોત્સાહિત કર્યા હતા. સાથે સાથે બન્ને શાળાનાં ધો. ૧ થી ૮નાં પ્રભાવિત બાળકોને તમામ મહાનુભાવો ઉપરાંત કોલેજનાં આચાર્ય સોરઠીયા, હાઈસ્કુલના આચાર્ય સાધુ, એસએમસી અધ્યક્ષ નિલેશભાઈ ખોયાણી, શિક્ષણવિદ રમેશભાઈ ભીમાણી તથા ગ્રા.પં. સદસ્ય મનુભાઈ તથા ભાવેશભાઈએ ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ તકે ૧૦૦% હાજરીવાળા બાળકોને તેમજ CET પરીક્ષામાં ઉતિર્ણ થયેલ વિદ્યાર્થીઓને પણ સન્માનિત કર્યા હતા. સ્વાગતગીત સાથે અને સુંદર વકતવ્યો સાથે કાર્યક્રમ અધિક પ્રેરણાદાયી બન્યો હતો. પ્રમુખ અને મહાનુભાવોએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પ્રવેશ પામતા બાળકોને આશીર્વાદ સહ જીવનમાં ખૂબ પ્રગતિ કરી શાળાનું નામ રોશન કરે એવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. દાતાઓની દેણગીને પણ બિરદાવેલ હતી. કાર્યક્રમનું સફળ આયોજન આચાર્ય પાલભાઈ પીઠડીયા, મુકેશભાઈ ઠુંમર તથા સમગ્ર શાળા પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. આભારદર્શન મુકેશભાઈ ઠુંમરે કરેલ હતું.

દશાનામ પ્રગતિ મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ

સાવરકુંડલા દશનામ ગોસ્વામી સમાજ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

સંતો અને અગ્રણીઓના હસ્તે બાળકોને ઈનામો અપાયા

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા દશનામ ગોસ્વામી પ્રગતિ મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ દશનામ ગોસ્વામી સમાજનો શૈક્ષણિક ઈનામ વિતરણ અને સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં સારા માર્કસ સાથે પરીક્ષામાં પાસ થયેલ તેજસ્વી તરલાઓને સ્કૂલ બેગ, ફૂલસ્કેપ ચોપડા સહિત શાળાકીય કીટ સંતો મહંતો, સમાજના અગ્રણીઓ અને મહિલાઓના હસ્તે વિદ્યાર્થી ભાઈઓ–બહેનોને વિતરણ કરવામાં આવી હતી. આ તકે મહામંડલેશ્વર મહેન્દ્રાનંદગીરી બાપુ સહિતના સંતો, મહંતો, જ્ઞાતિ અગ્રણી કુષ્ણગીરી ગોસ્વામી લીબડી, ધર્મેન્દ્રગીરી અમરેલી મહિલા અગ્રણી ઉષાબેન ગોસ્વામી સુરત સહિતના દશનામ ગોસ્વામી સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ તકે દશનામ ગોસ્વામી પ્રગતિ મંડળના ઉપપ્રમુખ અમિતગીરી ગોસ્વામી, યુવા અગ્રણી અર્જુનગીરી ગોસ્વામી, પ્રકાશગીરી સોમવારગીરી ગોસાઈ ક્રાકચ રમેશગીરી ગજરાજગીરી સહિતના સભ્યોને મહામંડલેશ્વર જયઅંબાનંદગીરી માતાજી દ્વારા વર્ષોથી કરવામાં આવતા વિદ્યાર્થી ઈનામ વિતરણ અને સમૂહલગ્ન બાબતે શુભેચ્છા પાઠવી હતી. આ તકે દશનામ ગોસ્વામી સમાજનાભાઈઓ બહેનો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શૈક્ષણિક ઈનામ વિતરણ તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહનું દીપપ્રાગટય મહામંડલેશ્વર મહેન્દ્રાનંદગીરી બાપુ, જસુભારથી બાપુ ચોગઠ, કાનાભાઈ, સાંઢીડા મહંત, ડો. મનિષગીરી, ગણવંતપરી લાઠીના હસ્તે કરવામાં આવેલ.

સરકારી આયુર્વેદ હોસ્પિટલ અમરેલી તથા વેપારી મહામંડળ અમરેલી
રોટરી કલબ ઓફ અમરેલી ગીરનાં સંયુકત ઉપક્રમે
છેલ્લા ૮ વર્ષથી આપ સૌ દ્વારા મળી રહેલા અવિરત સાથ સહકાર થકી આ વર્ષે પણ
એજ દિવ્ય અનુભુતિ સાથે, એજ વનરાઈઓ વચ્ચે, એજ પક્ષીઓના સુમધુર કલરવ સાથે...
નવમા વિશ્વયોગ દિવસની ઉજવણીરૂપે યોગ સપ્તાહ–૨૦૨૩
તા.૧૫-૦૬-૨૦૨૩ થી તા. ૨૧-૦૬-૨૦૨૩, સવારે ૦૬:૦૦ થી ૦૮:૦૦
સ્વાસ્થ્યભર્યુ નિમંત્રણ
નવમાં વિશ્વયોગ દિવસની ઉજવણીના ભાગરૂપે યોગ સપ્તાહ - ૨૦૨૩ નું આયોજન કરી રહ્યા હોય ત્યારે આપ સર્વે મહાનુભાવોને ઉપસ્થિત રહેવા સહર્ષ નિમંત્રણ છે.
:: સ્પોન્સર :: નિલકંઠ જવેલર્સ અમરેલી/રાજકોટ (લાઠીવાળા)
કાર્યક્રમના ઉદ્ઘાટક
:: કોસ્પોન્સર :: પ.પૂ. સંતશ્રી હરિરામબાપાના અંતરિક્ષથી આર્શિવાદ (એક શુભેચ્છક)
શૈલેષભાઈ કોટેચા – કેલેરિટી ફિનવેસ્ટ – અમરેલી-રાજકોટ
બિરજુભાઈ અટારા – રેટીંગો ફુડસ લી. – (એજન્ટ : ભોગીલાલ રામજીભાઈ અટારા)
કાળુભાઈ ભંડેરી – વિવેક ઓઈલ ઈન્ડ. – અમરેલી
માર્ગદર્શક :: ડૉ. એમ.જે. વારા ▪ ડૉ. દિક્ષીતા ભંડેરી ▪ ડૉ. કે.જે. ભુટાક ▪ ડૉ. દિવ્યેશ લીંબડીયા
નિકિતાબેન મહેતા (યોગ નિર્દેશન)
તારીખ: ૧૫-૦૯-૨૦૨૩, ગુરૂવાર | સ્થળ: સરકારી આયુર્વેદ હોસ્પિટલ અમરેલી | સમય: સવારે ૯:૦૦ કલાકે
:: શુભેચ્છક ::
ઈનરવ્હીલ કલબ ઓફ અમરેલી – સંસ્કાર ગ્રુપ ઓફ અમરેલી
ટાવર ચોક વેપારી ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી – સીનીયર સીટીઝન પરિવાર
:: નિમંત્રક ::
સરકારી આયુર્વેદ હોસ્પિટલ અમરેલી ▪ વેપારી મહામંડળ અમરેલી
રોટરી કલબ ઓફ અમરેલી ગીર

અમરેલીનાં મહિલા સહાયતા કેન્દ્રની

ઉમદા કામગીરી

પતી દ્વારા શારિરીક–માનસિક ત્રાસ આપી કાઢી મુકેલ મહિલાનું દોઢ વર્ષ બાદ પતિ સાથે મિલન

કાઉન્સેલર પારૂલબેન મહિડાનું પ્રેરણાદાયી કાર્ય

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લાના એક ગામની મહિલા જે પોતાના ૬ વર્ષના દીકરા સાથે દોઢ વર્ષથી પિયરમાં હતા. બેનને શારીરિક માનસિક ત્રાસ આપી અને એક મોટા પુત્રને સાસરિયાઓએ રાખી લઈ બેનને રિસામણે જવા મજબુર કરેલ. જેથી બેન છેલ્લા દોઢ વર્ષથી પોતાના નાના દીકરા સાથે પિયરમાં આવી ગયેલ હતા. ત્યારથી બેનના સાસરિયાઓએ કોઈ દરકાર લીધેલી નહિ અને બેનને તેના પતિને સમજાવી ઘર ચલાવવું હોય જેથી તેમને મહિલા સહાયતા કેન્દ્ર (પીબીએસસી)ની મદદ લઈ અને પોતાના ઉપર થયેલ ત્રાસ અંગેની લેખિત અરજી આપેલ અને આ અરજી અનુસંધાને સેન્ટરના કાઉન્સેલર પારૂલબેન મહિડા દ્વારા બંને પક્ષની મીટીંગ કરી યોગ્ય કાઉન્સેલિંગ દ્વારા પતિ તથા સાસરિયાઓ સમજાવી અને બાળકોના ભવિષ્યનું વિચારવા કહી યોગ્ય સલાહ સુચન આપવામાં આવેલ. બેનના પતિ અને સાસુ–સસરા સમજી જતા બેનના પતિએ બાંહેધરી આપી કે હવે ભવિષ્યમાં કયારેય એ એમની પત્નીને હેરાનગતિ નહીં કરે ઘરમાં કમાઈને આપશે તથા કોઈ જાતનો શારીરિક કે માનસિક ત્રાસ નહીં આપે તથા સાસુ–સસરાએ પણ વચન આપેલ કે હવેથી તેમના દ્વારા કોઈ તકલીફ ઊભી નહીં થાય અને સારી રીતે બેનને સાચવશે. આમ, મહિલા સહાયતા કેન્દ્રના કાઉન્સેલર પારૂલબેન મહિડાએ એક પરિવારને તૂટતા બચાવી અને ઉમદા કામગીરી કરેલ છે.

લાઠી પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને

ઇંગોરાળા પ્રાથમિક શાળા ખાતે પ્રવેશોત્સવ તેમજ કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમ સંપન્ન

બાળકોને બાલ વાટિકા સહિતના અભ્યાસક્રમમાં પ્રવેશ આપવામાં આવ્યો

અમરેલી, તા. ૧૩

માનસિક રોગના ડો. ભાવિન કદાવાલા દ્વારા મળેલ માહિતી મુજબ જુનાગઢના રહેવાસી ભૂમિકાબેન નામના દર્દી ૨ જુન ૨૦૨૩ ના રોજ શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે ઓપીડીમાં બતાવવા આવેલ હતા જેમને ગુસ્સે થવું, એકલા એકલા બબડવું, એકલા એકલા હસવું, ચીડિયો સ્વભાવ, ઘરેથી ભાગી જવું, મન ઉદાસ રહેવું, જીવનમાં રસનો અભાવ, કોઈપણ જાતનું કામ કરવાની ઈચ્છા ના થવી જેવા લક્ષણો જણાવ્યા હતા. દર્દીએ આપેલ માહિતી મુજબ તેઓ છેલ્લા ૮ વર્ષથી આવી મુશ્કેલીનો સામનો કરી રહેલ હતા અને ઘણા બધા સાઈકાટ્રીક ડોકટરો પાસેથી સારવાર લઈ ચુકયા હતા. પરંતુ કોઈ ફેર જણાતો ન હતો. ડો. ભાવિન કદાવાલાએ તેમને અતિ આધુનિક મશીન દ્વારા ECT સારવાર આપેલ હતી. જેમાં મગજને શેક આપીને સારવાર કરવામાં આવે છે. ECT સારવાર બાદ દર્દીની તબિયતમાં ઘણો સુધારો જોવા મળતા દર્દીએ તે બાબતે આનંદ વ્યકત કર્યો હતો અને ડો. ભાવિન કદાવાલા તથા ચેરમેન વસંતભાઈ ગજેરા તથા ડીરેકટર એકતાબેન ગજેરાનો આભાર વ્યકત કરેલ હતો.

પાંચ વર્ષમાં ગુજરાત પર ત્રાટકવા જઈ રહેલું ચોથું સૌથી મોટુ ચક્રવાત

બિપોરજોય ચક્રવાત જખૌ નજીક થઈ શકે લેન્ડફોલ

પાંચ વર્ષમાં ગુજરાતના દરિયાકાંઠાને અસર કરતું આ ચોથુ મોટું ચક્રવાત છે, ૨૦૧૯માં ચક્રવાત વાયુએ રાજ્યમાં લેન્ડફોલ કર્યુ હતુ

અમદાવાદ, તા.૧૩

ગુજરાત ૧૫ જૂને ત્રાટકવા જઈ રહેલાં અત્યંત ગંભીર ચક્રવાત બિપોરજોયની અસર માટે તૈયાર છે, હવામાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું કે, પાંચ વર્ષમાં ગુજરાતના દરિયાકાંઠાને અસર કરતું આ ચોથુ મોટું ચક્રવાત છે. ૨૦૧૯માં ચક્રવાત વાયુએ રાજ્યમાં લેન્ડફોલ કર્યુ હતુ અને ત્યારબાદ ૨૦૨૦માં નિસર્ગના કારણે મહારાષ્ટ્ર અને ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોને વરસાદથી તરબોળ કર્યુ હતુ. તો ૨૦૨૧માં તૌક્તેએ દિવ-ઉના પાસે લેન્ડફોલ કર્યુ હતુ અને ભયંકર તારાજી સર્જાઈ હતી. આ પહેલાં રાજ્યએ ૧૯૯૮થી શરુ કરીને ૨૦ વર્ષોમાં ચાર મોટા ચક્રવાતનો અનુભવ કર્યો હતો. એ સમયે સુપર સાયક્લોન કંડલામાં ત્રાટક્યું હતું અને ૨૦૧૮ સુધી માનવ જીવન અને સંપતિને અભૂતપૂર્વ નુકસાન થયું હતું. વિશેષજ્ઞોનું કહેવું છે કે, જળવાયુ પરિવર્તને ગુજરાતને ચક્રવાત માટે સંવેદનશીલ બનાવી દીધું છે. હવામાન વિભાગના ડિરેક્ટર મનોરમા મોહંતીએ જણાવ્યું કે, અરબી સમુદ્રના પ્રદેશમાં ઉષ્ણ કટિબંધીય ચક્રવાતોમાં વધારે થવા પાછળના ઘણા કારણો પૈકી આબોહવા પરિવર્તન મુખ્ય છે. હવામાન વિભાગના અધિકારીઓએ ઉમેર્યું હતું કે, લક્ષદ્વીપ ટાપુઓની આસપાસના ચક્રવાતના મૂળથી લઈને ગુજરાત સુધીની ફનલ આકારની દરિયાકાંઠાની રેખા એ ચક્રવાત સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠે ત્રાટકવાનું એક કારણ છે. ભવિષ્યમાં હિંદ મહાસાગર ક્ષેત્રમાં સરેરાશ સપાટીના દરિયાઈ તાપમાનમાં વધારાને કારણે રાજ્ય વધુ સંખ્યામાં ચક્રવાતનો અનુભવ કરી શકે છે. સોમવારે રાજયના તંત્રએ ભલે બિપોરજોય માટે યુદ્ધસ્તરે તૈયારીઓ શરુ કરી દીધી હોય છતાં, હવમાન વિભાગના અધિકારીઓ દ્વારા તાજા અંદાજે સૂચવ્યું હતું કે, કચ્છ-પાકિસ્તાન સરહદ વિસ્તારના અગાઉના અંદાજોની તુલનામાં કચ્છના જખૌ નજીક લેન્ડફોલ થઈ શકે છે. સોમવારે સાંજ સુધીમાં ચક્રવાત પોરબંદરના દરિયાકાંઠાથી ૩૦૦ કિમી દક્ષિણ પશ્ચિમમાં હતું. આ દરમિયાન પીએમ મોદીએ રાજ્ય સરકાર સાથે ગુજરાતના ચક્રવાતની તૈયારીઓની સમીક્ષા કરી હતી. આ બેઠકમાં ગુજરાતના સીએમ ભૂપેન્દ્ર પટેલ અને વિવિધ વિભાગોના અન્ય વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો. પીએમ મોદીએ બાદમાં ટ્વિટ કર્યુ હતુ કે, બિપોરજોય ચક્રવાત નજીક આવતા તૈયારીઓની સમીક્ષા કરવા માટે એક બેઠકની અધ્યક્ષતા કરી. અમારી ટીમો સંવેદનશીલ વિસ્તારોમાંથી સુરક્ષિત સ્થળાંતર અને આવશ્યક સેવાઓની જાળવણી સુનિશ્ચિત કરી રહી છે. દરેકની સલામતી અને સુખાકારી માટે પ્રાર્થના. ચક્રવાત માટે ગુજરાતના દરિયાકાંઠાની સંવેદનશીલતા વધી રહી છે. ૨૦૨૧માં ભારતીય ઉષ્ણ કટિબંધીય હવામાન શાસ્ત્ર સંસ્થા દ્વારા કરવામાં આવેલાં અભ્યાસના સંશોધકોએ દાવો કર્યો હતો કે, ૧૯૮૨ અને ૨૦૦૦ની સરખામણીમાં ૨૦૦૧ અને ૨૦૧૯ વચ્ચે અરબી સમુદ્રમાં ચક્રવાતી તોફાનોની આવૃતિ અને અવધિમાં ૫૨ ટકાનો વધારો થયો છે. આ જ સમયગાળા દરમિયાન બંગાળની ખાડીએ ચક્રવાતી તોફાનોમાં ૮૦ ટકાનો થોડો ઘટાડો નોંધ્યો હતો. જે ઉતત્ર હિંદ મહાસાગર ક્ષેત્રમાં ચક્રવાતની પેટર્નમાં મોટો ફેરફાર સૂચવે છે. ચક્રવાતની નબળાઈ પર હવામાન વિભાગ દ્વારા તાજેતરમાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં જણાવાયું છે કે, ગુજરાતે ભારતના પશ્ચિમ કિનારે આવેલા રાજ્યોમાં તાજેતરના સમયમાં નબળાઈમાં વધારો દર્શાવ્યો છે.

વાવાઝોડાં બિપરજોય અંગે ભારતીય હવામાન વિભાગે મોટી આશંકા વ્યક્ત કરી

બિપરજોય આંશિક નબળું પડ્યું, ૧૫ જૂને ખતરનાક સ્વરૂપ ધારણ કરી શકે છે

વાવાઝોડાના કારણે ગુજરાતના કચ્છ, દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં સૌથી વધુ અસર થઈ શકે છે, મોટાપાયે નુકસાન થવાની આઈએમડીએ સંભાવના વ્યક્ત કરી

અમદાવાદ,તા.૧૩

ગુજરાત સામે આફત બનીને આવી રહેલાં વાવાઝોડાં 'બિપરજોય' અંગે ભારતીય હવામાન વિભાગે (આઈએમડી) આજે મોટી આશંકા વ્યક્ત કરી છે. બિપરજોય વાવાઝોડાથી મોટાપાયે નુકસાન થવાની આઈએમડીએ સંભાવના વ્યક્ત કરી છે. એટલું જ નહીં હવામાન વિભાગે વાવાઝોડાની ઝડપી ગતિ અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે. આઈએમડીએ કહ્યું કે, ચક્રવાતી વાવાઝોડાના કારણે ગુજરાતના કચ્છ, દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં સૌથી વધુ અસર થઈ શકે છે. બિપરજોય અંગેના નવા અપડેટમાં હવામાન વિભાગે ચેતવણી આપતા કહ્યું કે, સૌરાષ્ટ્ર અને કચ્છના નીચાણવાળા દરિયાકાંઠા વિસ્તારોમાં ૩થી ૬ મીટર ઊંચા મોજા ઉછળવાની આશંકા હોવાથી આવા વિસ્તારોમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળે લઈ જવાની ભલામણ કરી છે.

આઈએમડીના મહાનિદેશક મૃત્યુંજય મહાપાત્રએ કહ્યું કે, વાવાઝોડું બિપરજોય હાલ ઉત્તર-પૂર્વ અરબ સાગરમાં કેન્દ્રીત છે અને તે ઉત્તર દિશા તરફ આગળ વધી રહ્યું છે. તેમણે કહ્યું કે, વાવાઝોડુ દ્વારકાથી લગભગ ૨૦૦ કિલોમીટર દૂર છે અને તેની અસર કચ્છ અને દ્વારકામાં થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જોકે તેમણે એમ પણ કહ્યું કે, વાવાઝોડું આજે મંગળવારે આંશિક નબળુ પડ્યું હતું, પરંતુ ૧૫ જૂનની આસપાસ અત્યંત ખતરનાક ચક્રવાતી તોફાનની સ્થિતિમાં પરિવર્તિત થઈ શકે છે.

તેમણે કહ્યું કે, વાવાઝોડા બિપરજોયની અગાઉની ગતિની તુલના હાલની ગતિ સાથે કરીએ તો, તે થોડું નબળું પડ્યું છે. વાવાઝોડાની આજની ગતિ પ્રતિ કલાકે ૧૫૦થી ૧૬૦ કિલોમીટર, ૧૪મી જૂને પ્રતિકલાકે ૧૩૫થી ૧૪૫ કિલોમીટરની ગતિએ તેમજ ૧૫ જૂને પ્રતિકલાકે ૧૨૫થી ૧૩૫ કિમીની ગતિ રહેવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. આ વાવાઝોડું ગુજરાતના જખૌ બંદર પાસે લેન્ડફોલ થવાની શક્યતા છે. આ વાવાઝોડું ૧૫ જૂને બપોરના સમયે ગુજરાતના દરિયાકાંઠે પહોંચી શકે છે, તે પહેલા પ્રતિકલાકે ૧૩૫-૧૪૫ કિમીની ગતિથી ૧૫૦ કિમી ગતિએ ઝડપી પવન ફુકાશે અને ભારે વરસાદ પણ થશે.હવામાન વિભાગે કહ્યું કે, ૧૪ જૂને રાજકોટ, જૂનાગઢ, જામનગર અને દ્વારકામાં મધ્યમ વરસાદ પડશે, જોકે આ વિસ્તારોમાં પૂર અને અન્ય ખતરાઓ આવી શકે છે. લોકોને દરિયાકાંઠાના વિસ્તારોથી ૧૫ દિવસ સુધી દૂર રહેવાની સલાહ અપાઈ છે. આઈએમડીના જણાવ્યા અનુસાર પોરબંદર, રાજકોટ, મોરબી અને જૂનાગઢમાં ભારેથી અતિભારે વરસાદ પડવાના અણસાર છે. આ જિલ્લાઓમાં પ્રતિકલાક ૧૪૦ કિમીની ઝડપે પવન ફુંકાઈ શકે છે.

જગતાત ગણાતા ખેડૂતો નીર નિહાળી ખુશ

વાવાઝોડાની અસર : ખાંભા પંથકમાં ધોધમાર વરસાદથી નદીમાં પુર આવ્યું

ભારે પવન અને વીજળીનાં કડાકા–ભડાકા જોવા મળ્યાં

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લામાં બિપરજોય વાવાઝોડાની અસર વર્તાય રહી હોય, પવન અને વીજળીના કડાકા સાથે ખાંભા નજીકનાં તથા ગીરના ગ્રામ્ય વિસ્તારમાં આજે વહેલી સવારમાં ધોધમાર વરસાદ પડયો હતો. ત્યારે આ પંથકમાં વાવણી લાયક વરસાદ વરસવાથી જગતનો તાત ખુશ ખુશાલ જોવા મળી રહયો છે.

ખાંભા નજીકનાં તથા ગીરના ગ્રામ્ય વિસ્તારમાં જેવા કે, ગીરના નાની ધારી, નાના વિસાવદર, લાસા, ધાવડીયા, તાતણીયા સહિત ગામોમાં અંનરાધાર ત્રણ થી ચાર ઈંચ વરસાદ ખાબકયો હોવાનું તથા તાતણીયા ગામની સ્થાનિક નદીમાં પુર આવ્યું હોવાનુ સ્થાનિક લોકોએ જણાવ્યું હતું.

રાજુલાનાં વાવેરા રોડ પર ભારે પવનથી વૃક્ષ ધરાશાઈ

અમરેલી, તા. ૧૩

રાજુલાનાં વાવેરા રોડ પર ભારે પવનથી મોટું વૃક્ષ ધરાશાઈ થતાં આ સમાચાર ફોરેસ્ટ અધિકારી મકરાણીને મળતા જ તાત્કાલિક તેમણે

અનુસંધાન પાના ૬ ઉપર

ચેરમેન દિલીપ સંઘાણીનો માનવતાવાદી નિર્ણય

ગુજકોમાસોલના ગોડાઉન બિપરજોય વાવાઝોડાનાં અસરગ્રસ્ત નાગરિકો માટે ફાળવવામાં આવ્યા

સેવાકર્મીઓ અને સ્થળાંતરિત નાગરિકો માટે રહેવાની વ્યવસ્થા

અમરેલી, તા. ૧૩

બિપરજોય વાવાઝોડા થી રાજયના અનેક જિલ્લાઓ પ્રભાવિત છે. વહીવટી તંત્ર દ્વારા વાવાઝોડા પ્રભાવિત વિસ્તારોમાં વિવિધ કામગીરી કરવામાં આવી રહી છે તેવા સમયે પૂર્વ મંત્રી અને રાજયની સર્વોચ્ચ સહકારી સંસ્થા ગુજકોમાસોલના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણીએ ગુજકોમાસોલના જુનાગઢ સહિતના રાજયના ગોડાઉનો અસરગ્રસ્ત વિસ્તારમાં કામગીરી કરનારા સેવાકર્મીઓ તેમજ સ્થળાંતરિત થયેલા નાગરિકો માટે તંત્ર સાથે સંકલન કરી તેઓને જરૂરીયાત પ્રમાણે રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચનાથી સીટી પોલીસનો સપાટો

અમરેલીમાં ગત રવિવારે એક વ્યકિતની હત્યા કરનાર બન્ને આરોપીઓની અટકાયત

ગાયત્રી મોક્ષધામની પાછળથી આરોપીઓને દબોચી લેવાયા

અમરેલી, તા. ૧૩

અમરેલી શહેરમાં ગત તા.૧૧ના રાત્રીના નવ વાગ્યે સાવરકુંડલા રોડ, ફાટક ઉતરતા, ખોડીયાર ગેરેજની સામે, મફતીયાપરામાં રાકેશ રામજીભાઈ મકવાણા તથા કરણ રામજીભાઈ મકવાણા પોતાના રહેણાંક મકાને અંદરો અંદર ઝગડો કરતા હોય. જેથી તેમને સંજયભાઈ મેપાભાઈ જોગદીયા નામનાં ઈસમ તેમને સમજાવવા જતા ઝગડી રહેલાં આરોપીઓને સારૂ નહી લાગતા આરોપીઓ સંજયભાઈને ગાળો આપવા લાગેલ હોય. સંજયભાઈએ ગાળો આપવાની ના પાડતા આરોપી રાકેશભાઈ રામજીભાઈ મકવાણાએ પોતાના પેન્ટના ખીચ્ચામાંથી છરી કાઢી મૃતક સંજયભાઈના વાસાના ભાગે એક ઘા મારેલ અને આરોપી કરણભાઈ રામજીભાઈ મકવાણાએ મરણ

અનુસંધાન પાના ૬ ઉપર

અમરશીભાઈ વંશનું કારસ્તાન

ઉના પંથકનાં એક ગ્રામ્ય વિસ્તારની સગીરા સાથે ઢગાએ અડપલા કર્યા

ઈજ્જત લેવાનો પણ પ્રયાસ થતાં ફરિયાદ

ઉના, તા. ૧૩, ઉના તાલુકાનાં એક ગામમાં રહેતી યુવતી સાથે અમરશીભાઈ રાણાભાઈ વંશ રહે. ભાચાએ મોડી રાત્રીનાં સમયે યુવતીનો એકલતાનો લાભ લઈ શારીરિક અડપલા કરી ઈજ્જત લેવાનો પ્રયાસ કરેલ હોય જે અંગેની સાચી હકિકત યુવતીએ તેની માતાને જણાવતા યુવતીનાં માતાએ અમરશીભાઈ વંશ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા ઉનાપોલીસ ઈન્સ્પેકટર એન.કે. ગૌસ્વામીએ આગળની તપાસ હાથ ધરી હતી.

દવાનો જથ્થો સહિતની સાધન સામગ્રી તૈયાર

અમરેલી જિલ્લામાં "બિપરજોય" વાવાઝોડાને લઈને જિલ્લાની તમામ ૧૦૮ એમ્બ્યુલન્સ એલર્ટ મોડ પર

ગમે તે પરિસ્થિતિને પહોંચી વળવા તંત્ર તૈયાર

અમરેલી, તા. ૧૩

બિપરજોય વાવાઝોડાને કારણે અમરેલી જિલ્લાનાં દરિયા કાંઠા સહિત અનેક વિસ્તારોમાં ભારે પવનના સુસવાટા સાથે અતિભારે વરસાદ થવાની શકયતા હવામાન વિભાગ દ્વારા ચેતવણી આપવામાં આવી છે.

તેમજ આપત્તિ સમયે વહીવટી તંત્રનાં માર્ગદર્શન હેઠળ ૧૦૮ એમ્બ્યુલન્સ જરૂરી દવાના જથ્થા તથા જરૂરી સાધન સામગ્રી સાથે તૈયાર રાખવામાં આવી છે. જેથી આપત્તિનાં સમયે તુરંત કોલ પર પહોંચી લોકોને સમયસર સારવાર મળી રહે તે માટે ૧૦૮ એમ્બ્યુલન્સ સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે. જેમાં જરૂરી દવા, ઈન્જેકશન, ઓકિસજન અને ડિઝલનો પૂરતો જથ્થો સ્ટોક કરી રાખવામાં આવ્યો છે.

ચક્રવાત ૧૬ લાખ લોકોને અસર કરશે

બિપોરજોય દરિયાકાંઠાના ૪૪૧ ગામોને પ્રભાવિત કરશે

૮ જિલ્લાના દરિયાકાંઠામાં વસવાટ કરતા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે

અમદાવાદ, તા.૧૩

રાજ્ય સરકારના અંદાજ મુજબ આઠ દરિયાકાંઠાના જિલ્લાઓના ૪૪૧ ગામોમાં આશરે ૧૬.૭૬ લાખ લોકો સાયકલોન બિપોરજોયથી પ્રભાવિત થવાની ધારણા છે. બિપોરજોય અત્યારે ગુજરાતના દરિયાકાંઠાથી લગભગ ૩૦૦ કિમી દૂર સ્થિત છે, તે ૧૫ જૂને કચ્છમાં લેન્ડફોલ કરે તેવી આગાહી કરવામાં આવી છે. સોમવારે, વેરાવળ તાલુકામાં ૧૨૨ મીમી, સુત્રાપાડામાં ૧૧૮ મીમી, કેશોદ અને માળીયા હાટીનામાં ૮૫ મીમી અને માંગરોળમાં ૭૭ મીમી, અન્ય

અનુસંધાન પાના ૬ ઉપર

શું આપને સાંભળવામાં અથવા સમજવામાં તકલીફ પડે છે ?

સર્વ શ્રેષ્ઠ કવોલીટી સર્વિસ તથા કિંમતની ખાત્રી

અમરેલી જિલ્લામાં આધુનિક ટેકનોલોજી દ્વારા સારવાર તથા તાજા જન્મેલા બાળકોથી લઈને ૧૦૦ વર્ષનાં વૃધ્ધ સુધીનું બહેરાશનું ટેસ્ટીંગ અલગ અલગ ડીઝીટલ મશીન દ્વારા તપાસ કરવામાં આવશે. આ સેન્ટરમાં કોમ્પ્યુટરાઈઝ સ્પીચ થેરાપીની સુવિદ્યા પણ મળશે.

કિલનીકની સેવાઓ :
- બહેરાશની તપાસ
- અંતઃકર્ણ કાનની નસોની તપાસ
- જન્મેલા બાળકનો BERA ટેસ્ટ
- કોકલીયર ઈમ્પ્લાન્ટ મેપિંગ
- સ્પીચ થેરાપી
- આર્ટિકયુલેશન થેરાપી
- ફ્લ્યુઅન્સી થેરાપી
- સ્પીચ એન્ડ લેંગ્વેજ થેરાપી
- વોઈસ થેરાપી
- કોકલીયર ઈમ્પ્લાન્ટ વાળા બાળકો માટે AVT

ઉપરની તમામ સેવાઓ તથા અદ્યતન કંપનીઓનાં ડીજીટલ અને સેમીડીઝીટલ મશીનો પણ ઉપલબ્ધ છે

કવોલીફાઈડ ઓડિયોલોજિસ્ટ દ્વારા માર્ગદર્શન

શ્રીમતિ મીનાક્ષીબેન વિનયભાઈ વળિયા

ઓડિયોલોજી અને સ્પીચ થેરાપી કિલનીક

બહેરા મુંગા શાળા, સાયન્સ કોલેજ પાસે, લાઠી રોડ, અમરેલી : મો.નં. ૯૪૨૭૭ ૬૦૦૦૪

વાવાઝોડા પહેલા ભારે વરસાદ

છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ જિલ્લાને વાવાઝોડાએ ધમરોળ્યા

વાવાઝોડાની તિવ્ર અસરના કારણે સોમવારે સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લાઓમાં તેજ પવન સાથે ધોધમાર વરસાદ પડ્યો છે

અમદાવાદ, તા.૧૩

અરબી સમુદ્રમાં વાવાઝોડુ બિપરજોય તેના બાંગ્લા ભાષામાં અર્થ મૂજબ સૌરાષ્ટ્ર માટે વિપત્તી સાબિત થયું છે. દરિયામાં ૯૦૦ કિલો મીટરનું અંતર કાપીને હવે ૧૯૦ કિલોમીટરની અતિશય જોખમી ઝડપ સાથે કલાકના ૪ કિમીની ગતિએ પોરબંદરથી ૨૯૦, દ્વારકાથી ૩૦૦, જખૌ પોર્ટથી ૩૬૦ અને નલિયાથી ૩૭૦ કિલોમીટર દૂરના અંતરે છે. બિપરજોય વાવાઝોડું દરિયા કિનારે ટકરાય એ પહેલા જ આફતના સંકેત આપવા લાગ્યુ છે. નામ જેવું જ તોફાની એવા આ વાવાઝોડાએ નુકસાનીના સંકેત પણ આપી દીધા છે. વાવાઝોડું જેમ કચ્છ નજીક પહોંચી રહ્યુ છે તેમ તેમ દરિયો રૌદ્ર સ્વરૂપ ધારણ કરી રહ્યુ છે. રઘવાયા બનેલા દરિયાની સાથે સાથે વાયુદેવ પણ કોપાયમાન થયા છે. ગઈકાલે દિવસભર કચ્છથી લઈને સૌરાષ્ટ્ર અને દીવ-દમણના દરિયામાં ૩૦ ફૂટ સુધીના ઉંચા મોજા ઉછળ્યા. તો ભારે પવનના કારણે દરિયા કિનારો જ નહીં પરંતુ કાંઠાના જિલ્લાઓમાં પણ વૃક્ષો ધરાશાયી થવાના અહેવાલો આવતા રહ્યા. સૌરાષ્ટ્રના વિસ્તારોમાં એકથી ચાર ઈંચ સુધીનો વરસાદ પડ્યો. તો માળીયા હાટીનામાં આઠ ઈંચ વરસાદ ખાબક્યો છે. દરિયાદેવ, વાયુદેવ અને ઈન્દ્રદેવના પ્રકોપથી અનેક ઠેકાણે નુકસાની થયાના પણ અહેવાલો આવતા રહ્યા. જો કે દરિયામાં વાવાઝોડાની ગતિમાં ઘટાડો જરુર થયો છે. પરંતુ વહેલી સવારથી જ ફરી એકવાર દરિયામાં ઊંચા મોજા ઉછળવાનું શરુ થયું છે અને જેમ જેમ વાવાઝોડું નજીક આવી રહ્યુ છે તેમ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પવનની ગતિમાં પણ વધારો જોવા મળ્યો છે. વાવાઝોડાની તિવ્ર અસરના કારણે સોમવારે સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લાઓમાં તેજ પવન સાથે ધોધમાર વરસાદ પડ્યો છે. હવામાન વિભાગના ડેટા અનુસાર રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ જિલ્લામાં વરસાદ પડ્યો છે. રાજ્યના ૧૨ જિલ્લાના ૬૨ તાલુકાઓમાં વરસાદ પડ્યો છે. ૨૪ કલાકમાં સૌથી વધારે ગીર સોમનાથના સુત્રાપાડ વરસાદ ખાબક્યો છે. સુત્રાપાડમાં ૨૪ કલાકમાં ૮.૫ ઈંચ વરસાદ નોંધાયો છે. ગીર સોમનાથના વેરાવળમાં ૮.૫ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. જૂનાગઢના મેંદરડામાં ૭.૫ ઈંચ વરસાદ પડયો છે. જૂનાગઢ માળીયા હાટીનામાં ૭ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. જૂનાગઢના કેશોદમાં ૬.૫ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)